# મારા પૂર્વજોનો ધર્મ:
# ઇસ્લામ

"આગાખાનનાં સંસ્મરણો"માંથી

ધી શિયા ઈમામી ઈસ્માઈલી તરીકા
એન્ડ રિલીજીયસ એજ્યુકેશન બોર્ડ ફોર ઈન્ડિયા
દ્વારા પ્રકાશિત.

# મારા પૂર્વજોનો ધર્મ : ઇસ્લામ

મનુષ્યની ધર્મ વિષેની આકાંક્ષાનાં મૂળ અત્યારે આપણે જેને વિજ્ઞાન કહીએ છીએ તેમાં રહેલાં જોઇ શકાય છે. જેમણે પુરાણોનો તેમજ પ્રાથમિક દશાના માનવીનો માનસશાસ્ત્રની દૃષ્ટિએ અભ્યાસ કર્યો છે, તેઓ જાણે છે કે જુદાજુદા પ્રકારનાં જાદુનાં પરિણામે પ્રાથમિક દશાના માનવીના મનમાં જુદી જુદી જાતની વિચારધારાઓ ઉત્પન્ન થઇ, જે વિચારધારાઓ વડે એની આસપાસની કુદરતી ઘટનાઓ માટે, એને પોતાને બુદ્ધિયુક્ત લાગે એવા ખુલાસાઓ એ મેળવતો. સૂર્યના ઉદય અને અસ્ત, ઋતુઓના પલટા, કળીઓનું ફૂલ રૂપે પ્રફુલ્લવું અને ફળોનું પાકવું, વાયુ અને વર્ષા; આ બધી ઘટનાઓ અને ક્રિયાઓ દેવતાઓએ અથવા માનવી કરતાં કોઇ ઊંચી જાતની હસ્તીઓએ ઉત્પન્ન કરી છે અને તેમના અંકુશ હેઠળ એ ચાલે છે, એ એમને બુદ્ધિમાં ઊતરે એવું લાગતું હતું. પ્રાથમિક દશાના ધાર્મિક અનુભવો ને પ્રાથમિક વિજ્ઞાનનાં અનુમાનો, જાદુની સાથે, જંતરમંતરની સાથે સંકળાયેલાં હતાં. આમ, એક જ સમયે સંવેદનનાં (બહારનાં જગતને જોઈને થયેલી લાગણી તથા ભાન વિષેનાં)

ક્ષેત્રમાં માનવજાતને થયેલા અનુભવો અને એ અનુભવોને બુદ્ધિયુક્ત ભાષામાં સમજાવવા તથા સાંકળી લેવાના એના પ્રયાસો એ બન્નેનાં પરિણામે ધર્મ તથા વિજ્ઞાન બન્નેનો જન્મ થયો. પ્રાગૂઐતિહાસિક (ઇતિહાસ પૂર્વેના) તથા પ્રાચીન કાળમાં, અને જેને વિષે આપણને જાણ છે તેવા શરૂઆતનાં સામ્રાજ્યોના સમગ્ર જીવનકાળ દરમ્યાન, એ બન્ને સાથે સંકાળાયેલાં જ રહ્યાં. હું જેને આદિધર્મ (Proto-religion) કહું છું તેને આદિવિજ્ઞાન (Proto-science)થી છૂટો પાડવો એ બહુ મુશ્કેલ હતું; કોઈક વાર એકબીજા સાથે ભળી જતા, કોઈક વાર છૂટા પડતા, પરંતુ હંમેશ સાથે ને સાથે જ વહેતા બે પ્રવાહોની માફક, એ બન્નેનો પ્રવાહ પણ એક સાથે જ વહ્યો છે.

ખ્રિસ્તી યુગની શરૂઆત પહેલાં ગ્રીક અને રોમન વિચારસરણી તથા સંસ્કૃતિની તેમ જ પ્રાચીન ઇરાની તથા હિંદુ ફિલસુફીની ભૂમિકા આવી રહી છે. પરંતુ એરિસ્ટોટલે, નર્યા તર્કની દ્રષ્ટિએ રચાએલા પૃથક્કરણો (Cetagories) અને સંભાવનાઓ (concepts) દાખલ કરીને અને પ્લેટોમાં પણ દેખાય છે તેવા ધર્મના પ્રભાવ અને ગૂઢતાનાં ચિહ્નો દૂર કરીને, આ મિશ્રણને વધુ વૈજ્ઞાનિક ઝોક આપ્યો.

રોમન રાજ્યવ્યવસ્થા અને કાયદા કાનૂનોએ સદીઓ સુધી જે મહાન ને વિસ્તૃત પ્રકારની સંસ્કૃતિ ટકાવી રાખી હતી તે તૂટી પડતાં અને રોમન સામ્રાજ્યનું પતન થતાં,

યુરોપ ઉપર અંધકારયુગની છાયા ફરી વળી. ખ્રિસ્તી સનની સાતમી સદીમાં આત્મા તેમ જ બુદ્ધિ એ બન્નેનાં ક્ષેત્રમાં સાહસ અને સંશોધન કરવાની માનવજાતની શક્તિ તેમ જ વૃત્તિ તેજસ્વી રીતે, ઝડપથી ને નવેસરથી ખીલી ઊઠી. એની ખિલાવટ પહેલવહેલી શરૂ થઈ અરબસ્તાનમાં; એનાં બીજ રોપ્યાં ને એને વેગ આપ્યો મારા પવિત્ર પૂર્વજ હઝરત મહંમદ પયગંબરે. ઇસ્લામના નામથી આપણે એને—એ ખિલાવટને—ઓળખીએ છીએ. એની અસરનો જુવાળ અરબસ્તાનમાંથી નીકળીને સબળ રીતે ને ઝડપભેર ઉત્તર આફ્રિકા ને ત્યાંથી સ્પેન સુધી ફરી વળ્યો.

યુરોપમાં એવરોસ તરીકે ઓળખાતા મહાન મુસ્લિમ ફિલસુફ ઈબ્ને રૂશ્દે સમજમાં આવી શકે એવા બે પ્રકારના માનવઅનુભવો વચ્ચે રહેલા ભારે તફાવતનું સ્પષ્ટ રીતે પ્રતિપાદન કર્યું : એક પ્રકારનો અનુભવ કુદરતનો આપણને આપણી જ્ઞાનેન્દ્રિઓ વડે થાય છે તે. એનાથી આપણામાં માપવાની ને ગણવાની શક્તિ આવે છે (અને એ શક્તિને લીધે તેની સાથે નવી ઘટનાઓ ને નવા ખુલાસાઓ તરીકે જે કંઈ મળ્યું છે તે સઘળુંએ એ અનુભવમાંથી આવ્યું છે). બીજા પ્રકારનો અનુભવ, કંઈક વધારે સાચી વસ્તુનો, મગજના વિચાર કે તર્કશક્તિ પર ઓછો આધાર રાખતો, પરંતુ આપણને સીધી બક્ષિસ તરીકે મળેલો એવો આંતરિક અને તત્કાળ થતો અનુભવ હોય છે. એને જ હું **ધાર્મિક–આધ્યાત્મિક અનુભવ માનું છું**, કુદરતી

રીતે જ, આપણું મગજ જડ પદાર્થનું બનેલું હોવાથી, અને એની ક્રિયાઓ તેમ જ એ ક્રિયાઓનાં સઘળાં પરિણામો પણ જડપદાર્થમય હોવાને લીધે, આપણે વિચારોને કે આધ્યાત્મિક રૂહાની અનુભવોને શબ્દોમાં ઉતારીએ છીએ કે તરત જ, મગજની આ મૂળભૂત જડ રચનાને કારણે ઊંચામાં ઊંચા અને અત્યંત અલૌકિક અનુભવો પણ જડવાદી વિચારસરણી રૂપે જ બહાર આવી શકે છે. પણ જેમને જડ અંતરાય વિના રૂહાની રોશની મળી છે–આધ્યાત્મિક પ્રકાશ સાંપડયો છે તેમને થયેલા સાક્ષાત્કાર અને સીધા અનુભવોનો અભ્યાસ માણસો પરલક્ષી દૃષ્ટિએ કરી શકે તેમ છે.

કહેવાય છે કે આપણી હસ્તી અલ્લાહમાં છે, એનામાં જ આપણે જીવી એ છીએ, હરીએ ફરીએ છીએ. આ જ ભાવ કુરાનમાં પણ ઘણી વાર, અલબત્ત આ જ શબ્દોમાં નહિ, પણ આટલી જ સુંદર રીતે ને આનાથીએ વધુ સચોટ રીતે, દર્શાવેલો જોઈ શકાય છે. પણ જ્યારે આ વાકયનો અર્થ આપણે બરાબર સમજી લઈએ છીએ. ત્યારે આપણે આપણી જાતને પ્રત્યક્ષ અનુભવની શક્તિની બક્ષિસ મેળવવા માટે તૈયાર કરી દઈએ છીએ. મહાન ઇરાની શાયરો રૂમી અને હાફિઝે, પોતપોતાની અલગ રીતે, આપણને જણાવ્યું છે કે કેટલાક મનુષ્યોને જન્મથી જ એવી કુદરતી આધ્યાત્મિક–રૂહાની શક્તિઓ અને વિકાસની શકયતાઓ મળી હોય છે કે પેલા પરમ પ્રેમનો–જે સૌને આવરી લે છે, સૌને સમાવી લે છે અને જે માનવઆત્માને હક

(સત્ય વસ્તુ) સાથે સીધા સંબંધ વડે જ મળે છે, તે ઇશ્કે હકીકીનો–એને પ્રત્યક્ષ અનુભવ થાય છે. હાફિઝે તો એમ પણ કહ્યું છે કે ઈસુ ખ્રિસ્ત જેવા મનુષ્યો અને મનસુર અને બાયઝીદ જેવા મુસ્લિમ સુફીઓ તેમ જ બીજાઓને એ પરમ પ્રેમની આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત થઇ હતી; અને હંમેશ હાજરાહજુર રહેલો એવો પવિત્ર આત્મા[1] (Holy Spirit) જો એ રોશની આપણને બક્ષે, તો એ નેઅમત પામીને, આપણામાંથી કોઈ પણ ઈસુ ખ્રિસ્ત જેવી શક્તિ મેળવી શકે, પરંતુ મનુષ્યોના બહુ મોટા ભાગ માટે આ પરમ પ્રેમની પ્રાપ્તિ–આ સાક્ષાત્કાર વ્યાવહારિક રીતે શક્ય વસ્તુ નથી. આમ છતાં, આપણાં જીવનમાંની આ ખોટને, માનવવ્યક્તિઓ પ્રતિ સાંસારિક ને માનવપ્રેમ રાખીને, આપણે પૂરી શકીએ એમ છીએ; અને એના વડે આપણે પવિત્ર આત્માની દરમ્યાનગીરી વિના મળી શકે તેટલા પ્રમાણમાં આ પ્રકાશ મેળવી શકીએ છીએ. જેમને આ સાંસારિક અને માનવપ્રેમને સમજવાનું અને અનુભવવાનું સદ્‌ભાગ્ય સાંપડયું છે તેમણે એને, એક રીતે, ગર્વ લઈ શકાય તેવા આશીર્વાદ સમાન ગણવો જોઈએ અને આભારની લાગણીથી જ એનો જવાબ વાળવો જોઈએ. હું મક્કમ રીતે માનું છું કે આ ભૌતિક જગતમાં અન્ય માનવી પ્રતિ સંપૂર્ણ પ્રેમભાવ રાખવાથી

---

૧. એ સમજી લેવું જોઈએ કે પવિત્ર આત્મા વિષેનો મુસ્લિમ ખ્યાલ. ખ્રિસ્તીઓના ત્રિમૂર્તિ ત્રીજા પુરુષ વિષેના ખ્યાલ કરતાં બહુ જ જુદો છે.

અમુક અંશે પેલા ઉચ્ચ પ્રકારના અનુભવ માટેની તૈયારી કરી શકાય છે. આ રીતે તદ્દન દુનિયાદારીના દૃષ્ટિબિંદુથી અને આત્માનાં ઉચ્ચ જીવન વિષેની સમજ વગર પણ આ ઊતરતી કક્ષાની ને વિશેષ દુન્યવી ભાવના આપણને ભાન કરાવે છે કે આ જીવનની તમામ સમૃદ્ધિ, કીર્તિ પૈસો ને તંદુરસ્તી જે કંઈ પણ આપી શકે તે બધું જ, એક માનવીના અન્ય માનવી પ્રત્યેના પ્રેમભાવમાંથી જે સુખ પેદા થાય છે અને મળતું રહે છે, તે સુખની આગળ કંઈ પણ વિસાતમાં નથી. આપણી આસપાસ નજર કરીશું, તો આપણને ઈશ્વરની આ મહાન કૃપાનાં દર્શન સામાન્ય માણસોનાં જીવનમાં, આપણા મિત્રો અને આપણા ઓળખીતાઓનાં જીવનમાં પણ થઈ શકશે.

પરંતુ સમૃદ્ધિ ને સત્તાથી જે મળી શકે તેના કરતાં માનવપ્રેમનો આનંદ ચડીઆતો છે, તે જ રીતે પેલો ઉચ્ચ પ્રકારનો આધ્યાત્મિક પ્રેમ અને તેનો પ્રકાશ, અલ્લાહની બક્ષિસ ને કૃપા સમાન હકીકત–સત્યતત્ત્વનાં પ્રત્યક્ષ દર્શનના ભવ્ય અનુભવનાં ફલ સમો એ પ્રેમ નો પ્રકાશ, સૂક્ષ્મમાં સૂક્ષ્મ ને સાચામાં સાચા માનવપ્રેમથી મળતી તમામ વસ્તુઓ કરતાં ચડી જાય છે. એ બક્ષિસને માટે તો આપણે હંમેશાં પ્રાર્થના કરવી રહી.

મારી તો ખાતરી થઈ ગઇ છે કે કોઈ પણ શબ્દ વડે ન સમજાવી શકાતો પણ માણસ માટે દૃઢ પ્રતીતિરૂપ-

ખરેખરી ખાતરીરૂપ બની જતો એવો આ પ્રત્યક્ષ અનુભવ ઇસ્લામ દ્વારા, મુસ્લિમોએ રજૂ કરેલા અલ્લાહ વિષેના આદર્શ દ્વારા, મનુષ્ય મેળવી શકે છે. મેં આ જાતના અનુભવ વિષે બિનમુસ્લિમો સાથે ચર્ચા કરી નથી, પણ મને કહેવામાં આવ્યું છે કે બૌદ્ધો, બ્રાહ્મણો, જરાથોસ્તીઓ અને ખ્રિસ્તીઓ–તેમ જ ઘણી વાર મેં સાંભળ્યું છે તેમ કદાચ એક સ્પિનોઝાના અપવાદ સિવાય યહુદીઓ પણ આવા સીધા, ગૂઢ સાક્ષાત્કારનો અનુભવ કરી શકયા છે. મારી ખાતરી છે કે ઘણા મુસ્લિમોને, અને મારા સંબંધમાં તો ચોક્કસ કહી શકું છું કે મને પોતાને કોઈક કોઈક ક્ષણે એવા પ્રકારનાં જ્ઞાનનો ને પ્રકાશનો અનુભવ થયો છે જેને આપણે બીજા આગળ દર્શાવી શકતા નથી, કારણ કે એ મેળવેલી નહિ પણ બક્ષિસ તરીકે મળેલી વસ્તુ છે.

મને જણાવ્યું છે કે કેટલેક અંશે કુરાનની નીચે આપેલી આયાત, એને બિલકુલ ભૌતિક રીતે ઘટાડવવામાં ન આવે ત્યાં સુધી, મને તેમ જ બીજા મુસ્લિમોને સહાય ને સમજણરૂપ નિવડી છે. પરંતુ જે કોઈ એનું વાંચન કરે તે બધાને મારે ચેતવણી આપવાની છે કે, જેનું સ્વરૂપ પ્રતીક અને રૂપક જેવું છે તેનો માત્ર શબ્દશઃ અને સ્થૂળ અર્થને અનુલક્ષીને ખુલાસો કરવાના તમારા સ્થૂળ વિવેચનાત્મક દ્રષ્ટિબિંદુનો અહીં આશ્રય ન લેશો. હું મુસ્લિમ તેમ જ બિનમુસ્લિમ સર્વ વાચકોને આ આયાતનો ભાવ સમસ્તરૂપે ગ્રહણ કરવા આગ્રહ કરું છું.

'અલ્લાહ જમીન અને આસમાનોનું નૂર છે; એનું નૂર એક એવા ગોખલાં[1] જેવું છે જેમાં એક દીવો છે, અને દીવો કાચની[2] અંદર છે, એ કાચ એવો છે જાણે એ ઝગમગતો તારો હોય; તે પ્રજ્વલિત થાય છે મુબારક ઝયતુનનાં ઝાડથી, (જે) ન તો પૂર્વનું છે ન તો પશ્ચિમનું, જેનું તેલ ચોક્કસપણે[3] પ્રકાશ આપે છે જો કે આગ તેને અડી ન હોય,—નૂર ઉપર નૂર;—અલ્લાહ જેને ચહાય છે તેને પોતાનાં નૂર પ્રતિ દોરે છે; અલ્લાહ માણસો માટે આપણાં દૃષ્ટાંતો આપે છે[4]; અને અલ્લાહ બધી વસ્તુ જાણે છે."

(સૂરા ૨૪ 'નૂર' આ. ૩૫)

મારી પોતાની અંગત માન્યતાઓના આ ટૂંકા ઉલ્લેખ પછી, હું હવે આગળ જઇને ઇસ્લામને આજે જે રીતે સમજવામાં ને અમલમાં મૂકવામાં આવે છે તેનો મારાથી બની શકે તેટલો સંક્ષિપ્ત અને વિવાદરહિત ચિતાર આપીશ. માનવજાતની વર્તમાન પરિસ્થિતિમાં ખચીત, એના તમામ ભયો ને તમામ પડકારો છતાં, રાષ્ટ્રો વચ્ચે ફક્ત ભૌતિક શાંતિ જ નહિ પણ પેલી એનાથીએ ઉત્તમ પ્રકારની ઇશ્વરપ્રેરિત શાંતિ સ્થાપવાની તક પણ રહેલી છે. એ પ્રયાસમાં ઇસ્લામ મૂલ્યવાન અને રચનાત્મક ભૂમિકા ભજવી શકે એમ છે, અને જો એને સાચી રીતે સમજવામાં આવે તેમ જ તેની આધ્યાત્મિક ને નૈતિક શક્તિ પિછાનવામાં

૧. દીપગોખ, રોશનદાન, દીવો રાખવાની વસ્તુ. ૨. ફાન્સમાં છે.
૩. પોતાની મેળે પ્રકાશ આપવાના ગુણની સમીપ છે
૪. અલ્લાહ માણસો માટે દૃષ્ટાંતો (થી) બયાન કરે છે.

અને સન્માનવામાં આવે તો ઇસ્લામી આલમ એ કાર્ય માટે દ્રઢ ને સ્થિરતાસાધક બળ બની શકે તેમ છે.

આછી રૂપરેખા દ્વારા હું ઇસ્લામનાં મૂળતત્ત્વોની સ્પષ્ટ સમીક્ષા કરવાનો પ્રયત્ન કરીશ. જે સિદ્ધાંતો, જે ધર્મના અનુશાસનો-નિયમો અને જે જીવનપદ્ધતિ, એ સઘળાંનો મુસ્લિમના બધા ફિરકાઓ સર્વાનુમતે સ્વીકાર કરે છે તેને હું ઇસ્લામના મૂળતત્ત્વો કહું છું. તેથી પ્રથમ જે ઇસ્લામી આદેશોને સુન્નીઓનો વિશાળ જનસમુદાય, તેમ જ શિયાઓ પણ, એક સરખી રીતે માન્ય રાખે છે તેનું હું દર્શન કરાવીશ. આ પ્રમાણે અમને સૌને મુસ્લિમ તરીકે એક સૂત્રે બાંધનારા ધર્મની મારાથી બની શકે તેટલી સ્પષ્ટ સમજણ આપીને, શિયા સિદ્ધાંતોની અને જે ફિરકાનો હું ઇમામ છું તે ઇસ્માઇલીઓ તરીકે ઓળખાતા શિયાઓના પેટા ફિરકામાં જે ખાસ આદેશો માન્ય રાખવામાં આવે છે. તેની હું પછી આછી રૂપરેખા દોરીશ.

પહેલાં એટલું સમજી લેવાની જરૂર છે કે, આ મૂળભૂત આદર્શોને મુસ્લિમો સર્વાનુમતે માન્ય કરે છે, તેમ છતાં ઇસ્લામમાં સર્વોપરી સત્તાનું કોઈ સાધન હસ્તીમાં નથી અને કદી હસ્તીમાં હતું પણ નહિ. અમારામાં રોમન કેથોલિકોની પેઠે કોઈ સિદ્ધાંત કે માન્યતાની સ્થાપના અને તેનું સમર્થન કરવા માટે પોપ જેવી કોઈ સત્તાધારી વ્યક્તિ નથી, તેમ જ સિદ્ધાંતની દ્રષ્ટિએ ચર્ચ ઓફ ઇંગ્લેન્ડનું સ્થાન દર્શાવતી ઓગણચાલીસ કલમો જેવી કલમો પણ

નથી. પયગંબર મહુંમદ પાસે સત્તાનાં બે સાધનો હતાં, એક હતું એમનાં જીવનનાં સત્ત્વ સમું મઝહબી, અને બીજું બિન-મઝહબી જેનો, એમની કારકિર્દીના સંજોગો ને અકસ્માતો-ઘટનાઓને લીધે, એમની ઈશ્વરપ્રેરિત ને મૂળભૂત સત્તા સાથે સુયોગ થયો.

મુસ્લિમોની બહુમતી ધરાવતા સુન્ની સંપ્રદાયના મત અનુસાર રસુલિલ્લાહની મઝહબી સત્તા એમની વફાત સાથે સંપૂર્ણ થઈ, અને તેમણે પોતાની બિન-મઝહબી સત્તાઓ માટે કોઇને ઉત્તરાધિકારી નીમ્યા નહોતા. સુન્નીઓનાં શિક્ષણ અનુસાર, ઇમાનદારોએ, પયગંબર સાહેબના સાથીઓએ શ્રદ્ધાવાનોએ એમના અનુગામી અને ખલીફ તરીકે હ. અબુબકરને ચૂંટી કાઢયા; પણ એમણે ફક્ત દુન્યવી અને વહીવટી સત્તા જ સંભાળી લીધી. અલ્લાહની સીધી વહી પર આધાર રાખતા ધાર્મિક આધિપત્યનો વારસો મેળવવાનો કોઇનો પણ અધિકાર ન હતો, કારણ કે પયગંબર મહુંમદ સાહેબ તરફથી અને પવિત્ર કુરાનમાં નિશ્ચિતપણે જણાવાયું છે કે તેઓ સર્વોપરી અલ્લાહ (God the Absolute) ના આખરી પયગંબર હતા. સુન્નીઓ કહે છે, આથી પોપના જેવી સત્તાનું નિર્માણ કરવાનું અશક્ય હતું; ઇસ્લામની સમજણ ખાતર જ નહિ પરંતુ સૈકાઓ દરમ્યાન એના નિશ્ચિત વિકાસને ખાતર પણ ઇમાનદારોએ જ પવિત્ર કુરાનનું તેમ જ પયગંબર સાહેબનાં વચનો તથા દૃષ્ટાંતોનું અર્થનિરૂપણ કરવાનું હતું. સદ્ભાગ્યે

પવિત્ર કુરાને પોતે આ કાર્ય સહેલું બનાવ્યું છે, કેમકે એમાં એવી અનેક આયાત છે, જેમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે અલ્લાહ ઇન્સાન સાથે દષ્ટાંતો તથા રૂપકો વડે વાત કરે છે. આમ સઘળાયે પ્રકારનાં અર્થનિરૂપણની સંભવિતતા માટેનાં દ્વાર પવિત્ર કુરાને ખુલ્લાં રાખ્યાં છે અને તેથી એક તફસીરકાર–અર્થનિરૂપક બીજા તફસીરકાર પર બિનમુસ્લિમ હોવાનો આરોપ મૂકી શકતો નથી. રૂપક અનુસાર અર્થોનું નિરૂપણ કરવા સારૂં પવિત્ર કુરાનમાં હમેશાં અવકાશ રહેલો છે એવા ઈસ્લામના આ મૂળભૂત સિદ્ધાંતનું એક સુખદ પરિણામ એ આવ્યું છે કે આ જગતની બાહ્ય અસરોને લીધે માનવબુદ્ધિની સત્ય–અસત્યનિર્ણયશક્તિ (Apperception) પર નિર્માણ થએલી મર્યાદાઓ અને અવસ્થાઓ અનુસાર પણ, સદીઓ પછી સદીઓ સુધી, અમારા આ કલામે પાક તરફથી શ્રદ્ધાવાનોને ચિંતનની દિશામાં માર્ગદર્શન ને પ્રકાશ સાંપડી શકયાં છે. એને લીધે મુસ્લિમોમાં વધુ ઉદારતા પણ આવી છે, કારણ કે પવિત્ર કુરાનનો કોઈ પૂર્વનિશ્ચિત (cut and dried) અર્થ થઇ શકતો ન હોવાથી સઘળીએ વિચારસરણીના ફિરકાઓ આ એક જ પ્રાર્થના સાથે મળીને કરી શકે છે કે 'અજ્ઞાન અથવા ગેરસમજને કારણે ધર્મ સિદ્ધાંતના કોઈ પણ ખોટાં અર્થનિરૂપણ માટે, જેની કૃપાને કોઈ સીમા નથી તેવા સર્વશક્તિમાન અલ્લાહ માફી બક્ષે."

હું મારા પશ્ચિમના વાંચકો સમક્ષ, મારા ઈસ્માઈલી

ફિરકાનો સિદ્ધાંત કે શિયા ફિરકાનો સિદ્ધાંત અથવા જલાલુદ્દીન રૂમી કે બાયઝીદ બોસ્તામી જેવા મનુષ્યોના ઈસ્લામી રહસ્યવાદના સુફી સંપ્રદાય (ફિરકા)નું શિક્ષણ અથવા તો જુના અને નવા કરાર (Old and New Testaments) માંથી શબ્દશઃ માર્ગદર્શન મેળવવા મથતા કેટલાક ખ્રિસ્તી ફિરકાઓની પેઠે, પવિત્ર કુરાનમાંથી શબ્દશઃ માર્ગદર્શન મેળવવાનો પ્રયાસ કરતા કેટલાક આધુનિક સુન્ની તફસીર-કારોના અભિપ્રાયો પણ રજુ કરવા માગતો નથી. પરંતુ હું અહિં અલ-ગઝાલી સ્થાપિત શાખાની વિચારપદ્ધતિમાં જેનું મૂળ રહેલું છે અને જેનાં શિક્ષણ ને અસરનો પ્રવાહ સૈકાઓના સૈકા સુધી વહી રહ્યો છે તે સુન્નીઓની મુખ્ય અને મધ્યવર્તી વિચારધારાની રજુઆત કરવાનો પ્રયત્ન કરીશ.

પણ પહેલાં તો આપણે આપણી જાતને આ સવાલ પુછવો જોઈએ કે ઈશ્વરી ઈચ્છાના આ અંતિમ ને સંપૂર્ણ દર્શનની બક્ષિસ માનવજાતને મળી શાં માટે, અને એનાં કારણો શાં હતાં? ઈસ્લામી વિચારસરણીની તમામ શાખાઓ મૂળભૂત સિદ્ધાંત તરીકે આ વાતનો સ્વીકાર કરે છે કે સદીઓ થયાં, હઝરત મહંમદનાં આગમન પહેલાં હજારો વર્ષ પૂર્વે ઈશ્વરી કૃપાનો પ્રકાશ પામેલા પયગંબરો, જે પ્રજાઓએ એમનો એવો પયગામ સમજવા જેટલી બૌદ્ધિક પ્રગતિ સાધી હતી તે પ્રજાઓની વચ્ચે ને તે પ્રજાઓને માટે, સમયે સમયે ઉત્પન્ન થયા હતા. આ પ્રમાણે હ. ઈબ્રાહીમ, હ. મુસા, હ. ઈસા અને ઈસરાઈલના તમામ પયગંબરોને ઈસ્લામ

સર્વાનુમતે માન્ય રાખે છે. ખરી રીતે જોતાં મુસ્લિમોએ આ બાબતમાં ઇસિરાઇલિના પયગંબરો પૂરતી જ મર્યાદા રાખી નથી; તેઓ એ સ્વીકારવા તૈયાર છે કે બીજા દેશોમાં પણ આવા ઈશ્વરપ્રેરિત પયંગબરો પેદા થયા હતા–જેવા કે હિંદુસ્તાનમાં ગૌતમ બુદ્ધ, શ્રીકૃષ્ણ અને શ્રીરામ, ગ્રીસમાં સોક્રેટિસ, ચીનના શાણા પુરુષો, અને જેમનાં નામોનિશાન પણ આપણી આગળથી લુપ્ત થઈ ગયા છે એવાં પ્રજાઓમાં ને સંસ્કૃતિઓ વચ્ચે થઇ ગએલા બીજા કેટલાએ સિદ્ધો ને સંતો. આવી રીતે વિશ્વમય, વિશ્વવ્યાપક ને વિશ્વાધાર એવા એ પરમતત્ત્વ પાસેથી ખાસ પ્રેરણા પામીને આવેલા પયગામધારીઓથી કદી પણ માનવઆત્માને વંચિત રાખવામાં આવ્યો નથી. તો પછી હઝરત મહંમદને ઈલાહી પ્રેરણા થવાની જરૂર શી હતી ? ઇસ્લામ પાસે આનો સ્પષ્ટ અને સંપૂર્ણ જવાબ છે. યહુદી એકેશ્વરવાદમાં ભારે આધ્યાત્મિક બળ રહેલું હોવા છતાં, ઇસ્લામી એકેશ્વરવાદ–તૌહીદના સિદ્ધાંતથી એને તાત્ત્વિક રીતે જુદો પાડે એવાં એમાં બે લક્ષણો જળવાઈ રહ્યાં છે : બધું યે છતાં, ઈસરાઇલિના સંતાનો માટે ઈશ્વર એ રાષ્ટ્રીય અને વર્ગીય, એટલે કે એક જ રાષ્ટ્રનો ને એક જ વર્ગનો ઈશ્વર બનીને રહ્યો છે, અને એનું વ્યક્તિત્વ એના પરમ આવિષ્કાર સમા વિશ્વ કરતાં સાવ અળગું પડી ગયું છે. હિંદુસ્તાન કે ચીન જેવા દૂરના પ્રદેશોમાં, અનેક દેવતાવાદ વડે મૂર્તિપૂજા વડે અને જેને નાસ્તિકતાથી ભાગ્યે જ જુદો પાડી શકાય એવા સર્વેશ્વરવાદ (pantheism) વડે, એકેશ્વરવાદની ભાવનાની પવિત્રતા એટલી બધી ભ્રષ્ટ થઈ

ગઈ હતી કે એ લોકકથા ને દંતકથા જેવા ધર્મોને, સાચી અને વિશુદ્ધ ઇશ્વરી પ્રેરણામાંથી પ્રગટેલા ધર્મ સાથે ઘણું જ થોડું મળતાપણું રહ્યું હતું. મુસ્લિમોની દ્રષ્ટિએ ખ્રિસ્તી ધર્મમાંથી એટલા માટે બળ અને અર્થ લુપ્ત થઈ ગયાં કે એણે પોતાના મહાન ને તેજસ્વી સ્થાપકને માનવી તરીકે નહિ પરંતુ માનવરૂપે અવતરેલા ઇશ્વર તરીકે, દેહધારી ઈશ્વર તરીકે જોયા. આમ બીજા માનવીઓ જેવા જે માનવી હતા એવા હઝરત મહંમદને પોતાને, ઈલાહી કલામ મારફત, અલ્લાહના વ્યક્તિત્વ અને એણે સર્જેલા વિશ્વ સાથેના અલ્લાહના સંબંધોનું દર્શન થાય એ અત્યંત જરૂરી હતું. એકવાર માનવીને પોતાની હસ્તીનાં રહસ્યોનું આ પ્રમાણે જ્ઞાન થઇ ગયું એટલે પછી, પોતાના આત્માનું સંપૂર્ણ મૂલ્ય એણે જાણી લીધું હોવાથી, આપણું આ વિશ્વ–જેટલું આપણી મર્યાદિત દ્રષ્ટિ વડે દેખી શકાય છે તેટલું–જેના અનંત અવિષ્કારોમાંના એક અવિષ્કાર સમું છે તે વિશ્વાત્મા સમીપ સતત પોતાના વ્યક્તિગત આત્માને દોરી જાય તેમ જ તેની સાથે સાંકળી લે એવો કોઈ સીધો માર્ગ પોતાના માટે શોધી કાઢવો એ એની ફરજ થઇ પડે છે. આ રીતે ઇસ્લામના પાયારૂપ સિદ્ધાંતને એકેશ્વરવાદ તરીકે નહિ, પણ એકવસ્તુવાદ (monorealism) તરીકે વર્ણવી શકાય. ઉદાહરણ તરીકે, દરેક ઇસ્લામી પ્રાર્થનાની શરૂઆતની ઉક્તિ–નારાઓ તકબીરનો વિચાર કરો : "અલ્લાહો અકબર" એનો અર્થ શો છે? આ તકબીરના બીજા શબ્દ (અકબર) વડે, જે સર્વ કોઇને ધારણ કરનાર છે અને જે અનંતતા, સ્થળ, કાળ, વિશ્વ,

કલ્પી શકાય તેવાં તમામ સક્રિય ને નિષ્ક્રિય બળો, જીવન અને આત્મા એ સર્વેને અસ્તિત્વ અર્પે છે તેવી સર્ગશક્તિ (Matrix) સાથે અલ્લાહના સ્વભાવ–લક્ષણને સરખાવવામાં આવ્યું છે એ વિષે કશી શંકા હોઈ શકે નહિ. હ. ઈમામ હસને અલ્લાહ અને વિશ્વ સંબંધીના ઈસ્લામી સિદ્ધાંતને સૂર્ય અને ઝરાનાં પાણીમાં પડતાં તેનાં પ્રતિબિંબનાં રૂપક વડે સમજાવ્યો છે; અલબત્ત એ સૂર્યનું પ્રતિબિંબ અથવા પ્રતિમૂર્તિ તો છે જ, પણ કેટલું કંગાળ ને કેટલું અલ્પ વાસ્તવિક ! કેટલી ઓછી અને આછી સામ્યતા ! ક્યાં આ અસ્થિર–અગ્રાહ્ય પ્રતિબિંબ અને ક્યાં એ ભવ્ય, જાજ્વલ્યમાન પ્રચંડ તાપથી તપતો ખુદ દિવ્યલોકનો કીર્તિકળશ સૂર્ય ! અલ્લાહ એ સૂર્ય છે; અને આપણે જાણીએ છીએ તે વિશ્વ અને એની તમામ વિશાળતા, તથા કાળ અને એની તમામ શક્તિ, એ સૌ ઝરાનાં દર્પણમાં પડતા એ પરમતત્વ-અલ્લાહનાં પ્રતિબિંબથી વિશેષ કંઈએ નથી.

સર્જન વિષેના યહુદી વિચારો અને ઈસ્લામી વિચારોમાં મૂળભૂત તફાવત રહેલો છે. ઈસ્લામના સિદ્ધાંત પ્રમાણે સર્જન એ અમુક સમયમાં પૂરૂં થયેલું અપૂર્વ કૃત્ય નથી. પરંતુ સતત અને શાશ્વત ઘટના છે અને ઈશ્વર પળેપળ પોતાની ઇચ્છા તથા પોતાના વિચાર વડે તમામ હસ્તીને પોષણ આપે છે અને ટકાવી રાખે છે. એની ઇચ્છા બહાર, એના વિચાર બહાર, કાંઈપણ નથી, સ્થળને કાળ જેવી વસ્તુઓ જે આપણને સ્વયંસિદ્ધ જેવી દેખાય છે તે પણ નથી. માત્ર

એક અલ્લાહ ઇચ્છા કરે છે ચને વિશ્વની હયાતી ટકી રહે છે; અને સઘળાયે અવિષ્કારો એ ઈશ્વરી ઇચ્છાના સાક્ષીરૂપ છે. મને લાગે છે કે અલ્લાહની એકતા વિષેના ઇસ્લામી સિદ્ધાંત, અને એક તરફ જુના કરાર (Old Testament) નાં આધાર પર રચાયેલા ઈશ્વર વિષેના ખ્યાલો, તેમ જ બીજી તરફ હિંદુ ધર્મ અને જરથોસ્તીઓના સર્વેશ્વરવાદ અને દ્વૈતવાદ વિષેના વિચારો વચ્ચે રહેલો તફાવત મેં પુરતી રીતે સમજાવ્યો છે.

સત્ય–હકને, પરમતત્ત્વ–સર્વશક્તિમાન અલ્લાહને જાણ્યા પછી, આ વિશ્વ ઇશ્વરની ઇચ્છા અનુસાર ચાલતી ઘટનાઓની સતત પરંપરા છે એમ સમજ્યા પછી, અલ્લાહના આદેશ અનુસારના આદર્શને યોગ્ય થવા માટે આપણાં જીવનને ઉન્નત કરી શકીએ તેટલા ખાતર, આપણને કોઇક નીતિશાસ્ત્રની આચરણ માટેના કાનૂનની જરૂર પડે છે.

તો હવે આપણે પવિત્ર કુરાનની આયાતો અને પયગંબર સાહેબની હદીસો અનુસાર, માનવીની શી ફરજો છે તેનો, જે રીતે વિશાળ બહુમતીએ એનો અર્થ ઘટાવ્યો છે તે રીતે, અભ્યાસ કરીએ. સૌથી પહેલાં જોઈએ, માણસના ઈશ્વર સાથેના સંબંધો : ઇસ્લામમાં ધર્મગુરુઓ અને સંન્યાસીઓ નથી. પાપોની કોઇ કબુલાત કરવાની હોતી નથી સિવાય કે સીધેસીધી અલ્લાહ સમક્ષ.

જે મનુષ્ય લગ્ન કરતો નથી, જે લગ્ન દ્વારા પરિવાર

વધારવાની, ઘરસંસાર ચલાવવાની અને પિતા તરીકેની જવાબદારી ઉપાડી લેતો નથી, તેને સખ્ત રીતે વખોડી કાઢવામાં આવ્યો છે. અંતિમ વૈરાગ્ય, સન્યસ્ત, તપશ્ચર્યા અને ખાસ કરીને શરીર નિયંત્રણ અર્થેનું દેહદમન, આમાંનું કંઈએ ઇસ્લામમાં નથી. નિરોગી માનવશરીર એક એવું મંદિર છે, જેમાં પવિત્ર આત્માની જ્યોત જલતી રહે છે, અને તેથી તે કાળજીભરી સ્વચ્છતા અને અંગત આરોગ્યની જાળવણીની શોભાને પાત્ર છે. ઈબાદત–વિશ્વચૈતન્યની જ્યોત સાથે તણખાના સીધા સંપર્ક સમી ઈબાદત–એ રોજીંદી જરૂરીઆત છે. જો માણસની તબિયત એથી બગડે એમ ન હોય તો, વરસમાં એક મહિનો વિવેકપૂર્વક રોજા રાખવા–ઉપવાસ કરવા એ શરીરની શિસ્તનું અગત્યનું અંગ છે. એને લીધે શરીર તમામ અપવિત્ર ઇચ્છાઓનો ત્યાગ કરતાં શીખે છે. વ્યભિચાર, નશાખોરી, નિંદા અને પોતાના પાડોશી માટેના દુષ્ટ વિચાર, એને ખાસ કરીને અને સખ્ત રીતે વખોડી કાઢવામાં આવ્યા છે, ગરીબ અને તવંગર, બધા જ મનુષ્યોએ એકબીજાને તનથી ને ધનથી મદદ કરવી જોઇએ. આ નિયમોમાં વિગતોની બાબતમાં ફેર પડે છે, પણ એને લીધે મુસ્લિમ બિરાદરીમાં પરસ્પર અને સર્વદેશીય સહાય કરવાનો સિદ્ધાંત જળવાઈ રહ્યો છે. આ બિરાદરી સંપૂર્ણ છે, અને તેમાં કાળા, ધોળા, પીળા, ઘઉંવર્ણા, બધા રંગના ને બધી જાતિના મનુષ્યો સમાઈ જાય છે; એ બધા દેહસ્વરૂપે આદમનાં સંતાન છે અને બધામાં ઇશ્વરની જ્યોતિનો તણખો રહેલો છે. એ માટે દરેક મનુષ્યે પોતાનાથી થઈ શકે તેટલા

પ્રયત્નો કરવો જોઈએ કે આ તણખો બુઝાઈ ન જાય પણ એ વિકાસ પામીને "પરમસંગાથ" ("Companionship-on-High") ની સંપૂર્ણ કક્ષાએ પહોંચે. એ સંગાથનાં દર્શનનો ઉલ્લેખ પયગંબર સાહેબે મૃત્યુશય્યા પરથી ઉચ્ચારેલાં અંતિમ વચનોમાં થએલો દેખાય છે. પોતાને વરનારી જે ધન્ય અવસ્થા એમણે સ્પષ્ટપણે નિહાળી હતી, તેનું જ આ દર્શન હતું. ઇસ્લામમાં ઇમાનદારો ઇલાહી ઈન્સાફમાં શ્રદ્ધા રાખે છે અને એમની એ વિષે ખાતરી થઈ ગઈ છે કે તકદીર અને તદબીર–પ્રારબ્ધ અને પુરૂષાર્થની મહા સમસ્યાનો ઉકેલ એ જાતના સમાધાનમાં રહેલો છે કે માણસ શું કરવાનો છે તે ઈશ્વર જાણે છે, પણ તેમ કરવા અથવા ન કરવા માટે માણસ સ્વતંત્ર છે.

યુદ્ધને વખોડી કાઢવામાં આવ્યું છે. શાંતિ સર્વદેશીય હોવી જોઈએ જ. ઇસ્લામનો અર્થ શાંતિ થાય છે, ઇશ્વર અને મનુષ્ય વચ્ચે શાંતિ અને મનુષ્ય ને મનુષ્ય વચ્ચે શાંતિ. વ્યાજખોરીને વખોડી કાઢવામાં આવી છે, પણ તમામ પ્રકારનાં મુક્ત તેમ જ પ્રમાણિક વેપાર અને ખેતીવાડીને ઉત્તેજન આપવામાં આવ્યું છે, કારણકે એનાથી ઇશ્વરની સેવાભાવના વ્યક્ત થાય છે, અને આ કાયદેસરનો પરિશ્રમ ચાલુ રહે અને સબળ બને તેના પર માનવજાતનાં કલ્યાણનો આધાર રહેલો છે. રાજકીય વિષયમાં પ્રજાસત્તાક સ્વરૂપની સરકાર સૌથી વધારે યોગ્ય હોય એમ જણાય છે; કેમકે જે ઇસ્લામી દેશોમાં, મોટે ભાગે પોતાનામાં જ સઘળી

સત્તાને સમાવતી–સઘળી સત્તાને કેન્દ્રિત કરતી નિરંકુશ રાજશાહીનો વિકાસ થએલો છે, ત્યાં હંમેશ રાજાની ચુંટણી એ સત્તાને પચાવી પાડવાનાં કાર્યને માત્ર કાનૂની રૂપ આપનારી નિર્જીવ વિધિ જેવી બની રહી છે.

મૃત્યુ પછી ઈલાહી ઇન્સાફમાં, માનવીનાં ઈમાન, પ્રાર્થના અને કાર્યોની તુલના કરવામાં આવશે. પસંદ કરાએલાઓ માટે અનંત જીવન અને ઈલાહી નૂર (Divine vision) નું આધ્યાત્મિક સુખ નિર્માણ થયું છે. ગુનેગાર ઠરેલાઓને માટે જહન્નમ છે, જ્યાં તેઓ ઇશ્વરની કૃપા અને આશિષને માટે કેવી રીતે લાયક બની શકાય તે ન જાણી શક્યા એના પસ્તાવાથી બળ્યા કરશે.

બીજા મહાન ધર્મો કરતાં ઇસ્લામનો સિદ્ધાંત આગળ જાય છે, કારણ કે એ ઘોષણા કરે છે કે સમગ્ર અસ્તિત્વમાં –પદાર્થમાં, પ્રાણીમાં, વનસ્પતિમાં, અને ખુદ સ્થળ–અવકાશમાંયે–કદાચ સૂક્ષ્મ છતાંયે બીજ સ્વરૂપે પણ અસ્તિત્વ ધરાવતો આત્મા રહેલો છે. દરેક વ્યક્તિને, દરેક અણુને, દરેક પરમાણુને ઈશ્વરના સર્વશક્તિમાન આત્મા સાથે પોતાનો આધ્યાત્મિક સંબંધ રહેલો છે. પરંતુ સ્ત્રી અને પુરુષ, વધુ ઉચ્ચ પ્રકારનો વિકાસ પામેલાં હોવાથી, આપણા જાણવામાં આવેલી બીજી અસંખ્ય હયાતીઓ કરતાં અતિ ઘણાં આગળ વધેલાં છે. માનવઆત્મા પહોંચી શકે તેટલી સર્વોચ્ચ ભૂમિકા સુધી અને એથીએ ઉચ્ચતર ભૂમિકા, સુધી જેમણે પોતાની જાતનો વિકાસ કર્યો છે એવા, અને વિશ્વભરમાં પથરાએલા

બળોનાં કેન્દ્ર સમા મહાન આત્માઓનાં, ફરિસ્તાઓનાં અસ્તિત્વનો, ઈસ્લામ સ્વીકાર કરે છે. આપણને પોતાનાં ગુપ્ત સૂચન વડે નેકીના રાહથી દૂર લઇ જવાનો, હ. ઈબ્રાહીમ, હ. ઈસા, હ. મહંમદ જેવા મહાનમાં મહાન માનવીથી. માંડી અદનામાં અદના માનવીનાં શાશ્વત સુખ માટે ઈશ્વરે આંકેલા સીધા માર્ગથી ચલિત કરવાનો પ્રયાસ કરનાર દુષ્ટ આત્માઓ અસ્તિત્વ ધરાવે છે એમ ઇસ્લામ, ખ્રિસ્તી ધર્મ જેટલે આગળ ગયા વિના પણ, કબૂલ રાખે છે.

આટલે સુધી મેં દરેકેદરેક ફિરકા અથવા પેટા ફિરકાના બધા જ મુસ્લિમો જે ઇસ્લામી સિદ્ધાંતોનો સર્વસામાન્ય સ્વીકાર કરે છે તેનું વર્ણન કર્યું છે. હવે એ વિચારોના પ્રવાહ જ્યાં આગળ ફંટાય છે, ત્યાં હું આવું છું. સુન્ના એટલે પ્રણાલિકાને અનુસરનારા, સુની કહેવાય છે. એમની ધર્મભાવનાનો ઉદ્ઘોષ એટલે કલમો આ પ્રમાણે છે : 'અલ્લાહ સિવાય બીજો કોઇ અલ્લાહ નથી અને મહંમદ અલ્લાહના રસુલ છે.'' શિયાઓ એમાં ઉમેરે છે : "અને અલી, મહંમદના સાથી, એ અલ્લાહના વલી નાયબ છે." વ્યુત્પત્તિ પ્રમાણે "શિયા" શબ્દનો અર્થ વહેણ અથવા વિભાગ થાય છે.

પોતાની પાછળ કોઈ ખલીફ અથવા અનુગામીની નિમણૂંક કર્યા વિના પયગંબર સાહેબની વફાત થઈ હતી. શિયા શાખાની વિચારસરણી એમ પ્રતિપાદન કરે છે કે પયગંબર સાહેબની વફાત પછી સીધી ઈલાહી વહી મળતી

બંધ થઈ ગઈ, પરંતુ દિવ્ય માર્ગદર્શન માટેની જરૂર તો ચાલુ જ રહી પણ એ કંઈ, રાગદ્વેષનાં આવેશો અને ધૂનોને તેમ જ દુન્યવી જરૂરિયાતોને આધીન, લોભથી, વકતૃત્વની છટાથી, અથવા ભૌતિક લાભની એકાએક ઉત્પન્ન થએલી ઇચ્છાથી ક્ષણ પૂરતા પરંતુ કરૂણ રીતે ગેરરસ્તે દોરવાઈ જાય એવા લાખો મર્ત્ય માનવો ઉપર છોડી શકાય નહિ. પવિત્ર પયગંબરનાં અવસાન પછી તુરતના સમય દરમ્યાન આ ભયો સ્પષ્ટ રીતે ઉપસી આવ્યા હતા. મેં દર્શાવ્યું છે તેમ, હઝરત મહંમદ સાહેબ આધિભૌતિક–દુન્યવી તેમજ આધ્યાત્મિક બન્ને દ્રષ્ટિએ સર્વસત્તાધીશ હતા. ખલીફ અથવા એમના અનુગામીને એમની આ બન્ને સત્તાઓના વારસ થવાનું હતું; એમને અમીર–અલ મોમનિન—મોમીનોના અમીર એટલે "સાચા ઈમાનદારોના હાકેમ" અને ઇમામ–અલ–મુસલમિન–મુસ્લિમોના ઇમામ એટલે "ભાવિકોના આધ્યાત્મિક–રૂહાની વડા" બન્ને બનવાનું હતું. પશ્ચિમની લેટિન દુનિયાના એક સમાન ઉદાહરણથી કદાચ આ વધુ સ્પષ્ટ થશે: એને સર્વોચ્ચ પોન્ટિફ[૧] તેમજ દુન્યવી સત્તાધીશ અથવા ઇમ્પરેટર[૨] થવાનું હતું.

પયગંબર સાહેબના પિત્રાઈ અને જમાઈ, એમનાં એક માત્ર હયાત અને પ્યારાં પુત્રી ફાતેમા–તુઝ–ઝોહરાના ખાવિંદ, એમના પર પહેલવહેલા ઇમાન લાવનાર, અનેક જંગોના

૧. પોપની ધાર્મિક સત્તા સૂચવતી પદવી.
૨. પોપની દુન્યવી સત્તા સૂચવતી પદવી.

એમના શૂરવીર સાથી, જેમને માટે પોતાના જીવનકાળ દરમ્યાન પયગંબર સાહેબે ફરમાવ્યું હતું કે "જેમ હ.મુસાને હ. હારૂન હતા તેમ તેઓ મારા ભાઈ અને જમણા હાથ સમાન છે," જેમના વંશજોની નસોમાં પયગંબર સાહેબનું પોતાનું લોહી વહેવાનું હતું તે હઝરત અલીને માટે એવાં સાચા વારસદાર થવાનું નિર્માયું હતું, અને ઈસ્લામીઓમાં એવી સામાન્ય રીતે ધારણા પણ હતી. આથી શિયાઓ હંમેશાં એમ માનતા આવ્યા છે કે પયગંબર સાહેબની વફાત પછી દિવ્ય શક્તિ, માર્ગદર્શન અને નેતાગીરી પહેલા ઈમામ એટલે ભાવિકોના આધ્યાત્મિક વડા તરીકે હઝરત અલીમાં વ્યક્ત થયાં. પરંતુ સુન્નીઓ એમને દુન્યવી સત્તાધીશનાં સ્થાને આવેલા ખલીફાઓમાંના ચોથા તરીકે ગણે છે.

આ રીતે ઈમામ એ પયગંબર સાહેબની ધાર્મિક સત્તાના વારસદાર છે; એમની આજ્ઞા બધાએ માનવીજ જોઈએ અને આધ્યાત્મિક દ્રષ્ટિએ જેઓ એમના આજ્ઞાપાલક હોય છે તેમની વચ્ચે તેઓ વસે છે. સુન્નીઓ હંમેશ માનતા આવ્યા છે કે આ સત્તા ફક્ત ભૌતિક-દુન્યવી છે, ધાર્મિક બાબતથી નિરાળી છે, અને એનો અમલ ફક્ત રાજકીય ક્ષેત્રમાં કરવામાં આવે છે; આથી તેઓ એમ માને છે કે એ સત્તા, રાજ્યના કાયદેસર રીતે નિમાએલા રાજકીય વડાને, ગવર્નર-રાજપાલને અથવા પ્રજાસત્તાક રાજ્યના પ્રમુખને ઉદ્દેશીને રહેલી છે. શિયાઓ કહે છે કે એ સત્તા સર્વવ્યાપી છે અને આધ્યાત્મિક બાબતો સાથે પણ એને સંબંધ છે.

તેમ જ એ પયંગબર સાહેબ સાથે લોહીનું સગપણ ધરાવનાર એમના અનુગામીઓને વારસાના હકની રૂએ મળે છે.

આ શી રીતે બન્યું તે જસ્ટીસ આર્નોલ્ડે મુંબઈની હાઈકોર્ટમાં મારા દાદા સામે માંડવામાં આવેલા મહાન મુકદ્દમાના ૧૮૬૬ના નવેમ્બરની ૧૨મી તારીખે આપેલા ચુકાદામાં સુંદર રીતે વર્ણવ્યું છે. એ મુકદ્દમાનો ઉલ્લેખ હવે પછીનાં પૃષ્ઠોમાં મેં કર્યો છે.

"હઝરત અલી અને બીબી ફાતિમા તરફ ભારે દુશ્મનાવટ ધરાવતી હઝરત મહંમદ સાહેબની તરૂણ ને પ્રિય પત્ની બીબી આયેશાએ લાગવગ વાપરીને ખુદ પોતાના પિતા હ. અબુબકરની ચુંટણી કરાવી; હ. અબુબકર પછી આવ્યા હ. ઉમર, એમનાં પછી હ. ઉસ્માન, જેમનો ઇન્તેકાલ થતાં, ખ્રિસ્તી સાલ ૬૫૫માં, હ. અલીને આખરે ખલીફની પદવી મળી. એ વખત પણ એમનો વિરોધ નહોતો થયો એમ નથી. ઉમૈયા ખાનદાનના મુઆવિયાએ; બીબી આયેશાની સહાયથી, ખિલાફત માટે એમની સામે હરીફાઈ કરી, અને એ ઝઘડાનું પરિણામ હજી તો સંદિગ્ધ સ્થિતિમાં હતું, તેટલામાં ઇસવી સન ૬૬૦માં, એક ખારજીએ અર્થાત ધર્માંધ મુસ્લિમે, કુફાની મસ્જિદમાં, હ. અલી (અ. સ.) ને શહીદ કર્યા. તે સમયે કુફા એ યુક્રેટિસ–દઝલા નદીને પશ્ચિમ અથવા જમણે કાંઠે આવેલું મુસ્લિમોનું મુખ્ય શહેર હતું. બેબિલોનનાં ખંડિયેરોની નજીક, એ શહેર આજે કેટલાયે સમયથી પોતે ખંડિયેરની હાલતમાં પડેલું છે."

આ હત્યાની અને એ પછીથી હ. અલીના બે પુત્રો હ. હસન અને હ. હુસેન પયંગબરના લાડકવાયા દૌહિત્રો, જેમને ખુદ પયંગબર સાહેબે "જન્નતના જુવાનોના સરદાર" કહીને જાહેરમાં સત્કાર્યા હતા. તેઓના પોતાના પિતા પછી નવમા ને વીસમા વર્ષે થએલાં ખુનની; તેમ જ બે મુખ્ય મુસ્લિમ ફિરકાઓ વચ્ચે વધી ગએલી કરૂણ અને કડવાસ-ભરી શત્રુવટ તથા ગેરસમજ, અને એ પછી ઉત્તરોત્તર પેઢીઓ પર આવી પડેલાં દુઃખો અને ઝઘડાઓની જે અસર મુસ્લિમ જીવન અને વિચારસરણી પર થઇ તેનો સ્પષ્ટ અને હૃદયંગમ ચિતાર જસ્ટીસ આર્નોલ્ડના ચુકાદામાં અપાયો છે.

શિયાઓમાં ઘણા પેટા-ફિરકાઓ છે; એમાંના કેટલાક માને છે કે હઝરત અલીનું આ આધ્યાત્મિક નેતૃત્વ, આ ઈમામત એમના મારફત છઠ્ઠી પેઢીએ હ. ઇસ્માઇલ[1] પર ઊતરી હતી જેમના વંશજ હોવાનો તથા જેમનામાંથી મારી ઈમામતનો હું પોતે દાવો કરૂં છું. બીજાઓ માને છે કે કરબલામાં શહીદ થએલા અને પયંગબરના દૌહિત્ર હ. ઈમામ હુસેનના પૌત્ર હ. ઝૈદથી ઇમામત ઊતરી આવી હતી. વળી બીજાઓ, જેમાં ઈરાનના લોકોની વિશાળ

૧. (૧) હઝરત ઈમામ અલી, (૨) હઝરત ઈમામ હુસેન, (૩) હઝરત ઈમામ ઝૈનુલઆબેદિન, (૪) હઝરત ઈમામ મહંમદ બાકિર, (૫) હઝરત ઈમામ જાફર અસસાદિક, (૬) હઝરત ઈમામ ઈસમાઈલ; છઠ્ઠા ઈમામ હઝરત ઈસમાઈલનાં નામ પરથી "ઈસમાઈલી" શબ્દ યોજાયો છે.

બહુમતી અને હિંદના શિયાઓનો સમાવેશ થાય છે, તેઓ માને છે કે જેઓ કદી મૃત્યુ પામતા નથી, જેઓ જીવતા છે અને આપણી વચ્ચે તેરસો વરસથી વસી રહ્યા છે, જેને કોઈ જોઈ શકતું નથી. પણ જે સૌને જોઈ શકે છે એવા, હ. અલીથી બારમી પેઢીએ થએલા, એક હયાત ઇમામના હાથમાં અત્યારે આ ઇમામત છે; આવો મત ધરાવનારાઓ અસ્નાઅશરીઓ તરીકે ઓળખાય છે. ઇસમાઇલીઓમાં પોતાનામાં પણ બે પક્ષો પડી ગયા છે, જેની શરૂઆત મિસરની ફાતિમી ખિલાફત મારા પૂર્વજોના હાથમાં હતી તે સમયથી થએલી છે. એક પક્ષ મારા પૂર્વજ હ.શાહ નિઝારને[૧] મિસરના ખલીફ હ. મુસ્તનસીરના હકદાર વારસ તરીકે સ્વીકારે છે, જ્યારે બીજો પક્ષ એમના બીજા પુત્ર ખલીફ મુસ્તેઅલી[૨] ને ઇમામ તરીકે ગણાવે છે.

એ પછી ચિત્રવિચિત્રતાભર્યા, ઓટ ને ભરતીનાં દર્શન કરાવતો ઇસ્લામી ઇતિહાસનો પ્રવાહ કેટલીયે સદીઓ સુધી વહેતો રહ્યો છે, તેની અંદર જ ઇસમાઈલીઓની, મારા પૂર્વજોની અને તેમના અનુયાયીઓની કથાનો પ્રવાહ પણ વહેતો રહ્યો છે. કહેવાય છે કે ગિબને[૩] એક એશિયાઈ વંશાવળિની ગુંચો ઉકેલવાનું કામ અશક્ય માનીને પડતું મૂક્યું હતું, પરંતુ એ દૂરના ભૂતકાળની સઘળી ભવ્યતા

૧. ઈસમાઇલીઓના ઓગણીસમા ઈમામ.

૨. વહોરાઓના ઓગણીસમા ઈમામ

૩. મશહુર ઈતિહાસકાર એડવર્ડ ગિબન.

કરૂણતા ને રહસ્યો સાથે વર્તમાનકાળમાં આપણને સાંકળી લેતા એવા યુગો દરમ્યાન વણાએલાં એ પ્રસંગોને પાત્રોનાં જાળાંના અભ્યાસમાં અખૂટ આકર્ષણ રહેલું છે. અનેક વાર દમન અને જુલ્મનો ભોગ બન્યા છતાં મારા પૂર્વજોનો ધર્મ (પંથ)કદી નાશ પામ્યો નહોતો; કોઇકવાર, ફાતમિ ખલીફોના યુગોમાં થયું હતું તેમ એ ફૂલ્યોફાલ્યો હતો, કોઇકવાર એ ઓછો સમજાયો હોય એવો અને અસ્પષ્ટ બની ગયો હતો.

મિસરની ફાતમિ ખિલાફત સરી ગયા પછી મારા પૂર્વજો પહેલાં સીરિયા ને લેબેનોનના ઉચ્ચ પ્રદેશો તરફ ગયાં; ત્યાંથી તેમણે ઇરાનના પર્વતો તરફ પૂર્વ દિશામાં પ્રયાણ કર્યું. કાસ્પીયન સમુદ્રની નજીકનાં દક્ષિણ તરફ આવેલા પ્રાંતોને ઇરાનના બાકીના ભાગથી જુદા પાડતી આલ્બુર્ઝ પર્વતમાળાના આલમોત પર્વતનાં ખરબચડાં શિખર પર તેમણે એક મથક આલમોત ગઢ–ની સ્થાપના કરી, અહીં પર્વતમાળાના વૃદ્ધ પુરુષની, તથા લગભગ બસો વર્ષ સુધી આલમોતના કિલ્લા પર કબ્જો જાળવી રાખનારા ફિદાઇ દળ–ઓર્ડર ઓફ ધી એસેસિન્સના વંશપરંપરાગત મહા સૂત્રધારો–ગ્રાન્ડ માસ્ટર્સની અદ્‌ભુત કથામાં ઇતિહાસ અને દંતકથા એક બીજા સાથે વણાઇ ગયા છે. એ સમયે ઇસમાઇલી મત સીરિયામાં ઇરાકમાં, ખુદ અરબસ્તાનમાં, અને છેક દૂરના મધ્ય એશિયા સુધી સારી પેઠે જાણીતો થયો હતો. તે કાળે સમરકંદ અને બુખારા જેવા શહેરો મુસ્લિમ શિક્ષણ અને સંસ્કારના મહાન કેન્દ્રો હતા. એ પછી થોડા સમયે ઇસિવી સનની તેરમી સદીમાં, આજે જે સિંકિયાંગને ચીની તુર્કસ્તાનને નામે

ઓળખાય છે તે પ્રદેશો સુધી ઇસ્માઈલી મતનો પ્રચાર પહોંચી ગયો હતો. તેરમી ને ચૌદમી સદી દરમ્યાન એક સમય એવો પણ હતો જ્યારે ઈસિમાઈલી સિદ્ધાંત એ શિયા પંથની મુખ્ય અને સૌથી અસરકારક વિચારસરણી સમાન હતો; પરંતુ પછીથી ઈરાનમાં (ખાસ કરીને તેના ઉત્તર-પશ્ચિમ પ્રાંત, આઝરબયઝાનમાં) સફવી વંશનો વિજય થતાં અસ્નાઅશરી, યાને બાર ઈમામને માનનારા, પંથે પોતાનું વર્ચસ્વ જમાવ્યું. ઈસિમાઈલી ધર્મને અનુસરનારા બાકીના અનુયાયીઓ મક્કમ રહ્યા અને હજીયે એશિયા, ઉત્તર આફ્રિકા અને ઈરાનના ઘણા પ્રદેશોમાં તેઓ અસ્તિત્વ ધરાવે છે. ઈસિમાઈલીવાદનાં ઐતિહાસિક કેન્દ્રો તો આખી ઈસ્લામી આલમમાં વિશાળ પ્રમાણમાં પથરાએલાં છે. દાખલા તરીકે, સીરિયાના પહાડી મુલકોમાં, જબલે દરૂઝના કિલ્લામાં વસતા દરૂઝીઓ મળી આવે છે. તેઓ ખરેખર ઇસમાઇલીઓ છે. તેઓ મિસરમાંથી મારાં કુટુંબે હિજરત કરી ત્યારે પ્રથમથી જ તેમની સાથે નહોતા ગયા પરંતુ મારા પૂર્વજ જ મિસરના ફાતિમિ ખલીફ અલ હાકિમ (અમ્રલ્લાહ)ની સ્મૃતિને જાળવી રાખી ત્યાં જ રહ્યા, પણ અત્યારે જેઓ મારા મુરીદો છે, તે સીરિયાના ઈસમાઈલીઓના સિદ્ધાંતો પ્રમાણે જ, તેમણે-દરૂઝીઓએ પણ પોતાના સિદ્ધાંતોની રચના કરી. આવા જ ઈસમાઈલી 'ટાપુઓ'–પ્રદેશો દક્ષિણ મિસરમાં, યમનમાં અને અલબત ઈરાકમાં પણ હસ્તી ધરાવે છે. ઇરાનમાં એ મથકો મહેલાતની આસપાસ, પશ્ચિમે હમદાન તરફ અને તહેરાનની દક્ષિણે આવેલાં છે; બીજાં મથકો ખોરાસાનમાં

લગભગ યઝદની આસપાસ ઉત્તરમાં ને પૂર્વમાં, કેરમાનની આજુબાજુમાં અને દક્ષિણ તરફ ઈરાની અખાતના કિનારા પર બંદર અબ્બાસથી તે પાકિસ્તાન અને સિંધની સરહદો સુધી, અને બલુચિસ્તાનમાં આવેલાં છે. બીજાં અફઘાનિસ્તાનમાં, ખુદ કાબુલમાં છે; રશિયામાં ને મધ્ય એશિયામાં, યારકંદ અને કાશગરની આસપાસ અને સિંકિયાંગનાં અનેક ગામડાંઓ તથા વસાહતોમાં પણ ઘણાં મથકો છે. હિંદુસ્તાનમાં મારા પૂર્વજ શાહ ઈસ્લામશાહે મોકલેલા ધર્મોપદેશકોના હસ્તે અમુક હિંદુ જાતિઓનું ધર્માંતર કરવામાં આવ્યું હતું, જેમણે 'ખોજા' નામ ધારણ કર્યું; આવી જ ધર્માંતરની ક્રિયા બર્મામાં છેક ઓગણીસમી સદીમાં કરવામાં આવી હતી.

અને હવે ઇસમાઇલી સિદ્ધાંતના મૂળ, ચડતીપડતી અને પરિભ્રમણોનો મેં આપેલો આ ટૂંકો ઈતિહાસ સમકાલીન જગતની સમીપ આવી પહોંચ્યો છે, એટલે "આગાખાના" તરીકે જેઓ પહેલવહેલા ઓળખાયા, અને ઇસવીસનની ઓગણીસમી સદીના આરંભકાળમાં જેઓ ઇતિહાસના પ્રકાશમાં આવ્યા, તે મારા દાદાશ્રીનાં જીવન અને કાર્યનું વિગતવાર વર્ણન કરવું પ્રાસંગિક થઇ પડશે. તેમનું જીવન(જસ્ટીસ આર્નોલ્ડે કહ્યું છે તેમ) "સાહસિક અને અદભૂત–રોમાંચક" હતું. કેરમાન નામનાં અગત્યનાં શહેરનાં વંશપરંપરાગત સરદાર અને ઇરાનના સમર્થ અને કાબેલ રાજવી ફતેહઅલીશાહના તેઓ જમાઈ હતા અને ઇસિમાઇલીઓની વંશપરંપરાગત મળેલી ઇમામત ઉપરાંત તેઓ વિશાળ પ્રદેશો ઉપર કબજો ધરાવતા હતા.

૧૮૩૮માં તે વખતના સત્તાધીશ શહેનશાહ મુહમ્મદશાહ સાથે તેમને ઘર્ષણ થયું, જેનાં કારણોનું જસ્ટીસ આર્નોલ્ડ નીચે પ્રમાણે બયાન કર્યું છે : "મુહમ્મદશાહના ઉસ્તાદ હાજી મીરઝા અહ્રાસી પોતાના શાહી શિષ્યના આખાએ શાસનકાળ દરમ્યાન (૧૮૩૪થી ૧૮૪૮ સુધી) ઇરાનના વડા પ્રધાન તરીકે રહ્યા હતા. પહેલા આગાખાનની નોકરીમાં રહેલ એવો એક ઘણા નીચા દરજ્જાનો ઇરાની, સર્વસત્તાધીશ વડાપ્રધાનનો ખાસ લાડકો ને પ્રીતિપાત્ર બન્યો હતો. આ માણસે, પોતાના મુરબ્બી મારફત, પોતાના દીકરા સાથે આગાખાનની એક દીકરી, મરહુમ શહેનશાહની દૌહિત્રીનાં લગ્ન કરવા માટે માંગણી કરવાની ધૃષ્ટતા કરી ! ઇરાની ઇતિહાસકાર કહે છે કે, આગાખાનને આથી ભારે અપમાન લાગ્યું; અને વડાપ્રધાનનો ભારે આગ્રહ હોવા છતાં, આ માંગણીને તેમણે રોષપૂર્વક ધૂત્કારી કાઢી. આ પ્રમાણે આગાખાને ઇરાનના સૌથી સમર્થ પુરુષને પોતાનો જાની દુશ્મન બનાવ્યો, એટલે એમને સંભવિત રીતે એમ લાગ્યું કે શસ્ત્રો ઉઠાવીને પોતાનું બળ સાબીત કરવું એ જ સલામતી માટેનો સારામાં સારો માર્ગ છે, જે માર્ગ લેવો તે છિન્નભિન્ન થઇ ગએલાં ઇરાનના મોટા જમીનદારો માટે કાંઈ અસામાન્ય વાત નહોતી. કેરમાનને પોતાનું મુખ્ય મથક બનાવી, એમણે ૧૮૩૮–૧૮૩૯ દરમ્યાન અને ૧૮૪૦ના થોડાક સમય સુધી બદલાતા રહેતાં ભાગ્ય વચ્ચે-જય–પરાજય સાથે યુદ્ધ ચાલુ રાખ્યું હોય એમ જણાય છે. પરંતુ ૧૮૪૦માં, સામા પક્ષના વધુ પડતા સંખ્યાબળને

કારણે, એમને ઉતાવળે નીકળી જવાની ફરજ પડી અને તેઓ, થોડાક ઘોડેસ્વારો સાથે, બલુચિસ્તાનનાં રણમાં થઈને મુશ્કેલીથી સિંધ પહોંચી શકયા.”

એ પછીનાં થોડાંક વરસોનાં પરિભ્રમણ દરમ્યાન મારા દાદાશ્રી બ્રિટિશોના સંપર્કમાં આવ્યા અને પંજાબમાંથી ઉત્તર અને પશ્ચિમ તરફ બ્રિટિશોને પોતાનાં સામ્રાજ્ય અને લશ્કરના વિસ્તારની પ્રવૃત્તિમાં એમણે સંગીન મદદ કરી. સિંધમાં એમણે હળવાં શસ્ત્રોથી સજ્જ ઘોડેસ્વારની ટુકડી ઊભી કરી ને તેનો નિભાવ કર્યો (જેના બચી ગએલા માણસોના વંશજો ઘણા વરસ પછી મારે માટે ભારે ચિંતાનો વિષય બન્યા હતા) અને ૧૮૪૧–૧૮૪૨માં, પહેલાં અફઘાન યુદ્ધના પાછલા તબક્કામાં, કંદહારમાં જનરલ નોટને તેમ જ જનરલ નોટ સાથે જોડાઇ જવા સારૂ સિંધમાંથી આગળ કૂચ કરવા નિકળેલાં જનરલ ઇંગ્લેન્ડને તેઓ તથા તેમની ઘોડેસ્વાર ટુકડી સહાયરૂપ થઇ પડયાં હતાં. આ સેવાઓ તેમ જ સર ચાર્લ્સ નેપિયરે ૧૮૪૩–૪૪માં સિંધ ઉપર વિજય મેળવ્યો તેમાં એમણે આપેલી સેવાઓના બદલામાં, મારા દાદાશ્રીને બ્રિટિશ સરકાર તરફથી પેન્શન મળ્યું હતું.

૧૮૪૫માં મારા દાદાશ્રી મુંબઈ પહોંચ્યાં. ત્યાં–જસ્ટીસ આર્નોલ્ડે જણાવ્યું છે તેમ–“આ શહેરની અને આસપાસની સમગ્ર ખોજા કોમે એમનો ભક્તિભાવપૂર્વક હાર્દિક સત્કાર કર્યો.” જ્યાંથી ઇરાનમાં તરત પહોંચી શકાય એવા મુંબઈ જેવા બંદરમાં એમની હાજરી હોવા સામે મુહમ્મદશાહે

બ્રિટિશ સરકાર સમક્ષ વિરોધ દર્શાવ્યો. એટલે ૧૮૪૬થી એક બે વરસ સુધી એમને કલકત્તામાં રાજકીય અટકાયતી તરીકે રહેવું પડ્યું, પણ ૧૮૪૮માં મુહમ્મદશાહના રાજ-શાસનનો અંત આવ્યો અને મારા દાદાશ્રીએ મુંબઈમાં શાંતિપૂર્વક વસવાટ કરીને ત્યાં પોતાનું "દરખાનું" યાને વડું મથક સ્થાપ્યું. અંગત રીતે એમને માટે આ નિર્ણય શાણપણભર્યો અને સરસ હતો એટલું જ નહિ, પણ સમગ્ર ઇસ્માઇલી આલમના કોમી તથા ધાર્મિક જીવન પર એની અદ્દભૂત અસર પડી. એથી જે દમન અને ઝનૂની દુશ્મનાવટનો ભારે બોજો એમને ઇસ્માઇલીઓને અત્યાર સુધી સહન કરવો પડયો હતો તેમાંથી જાણે તેમને મુક્તિ મળી ગઈ. છેક કાશગર, બુખારા, ઇરાનના સઘળા ભાગો સીરિયા, યમન, આફ્રિકાના તટ પ્રદેશો અને તે કાળે એની પાછળના ભાગમાં વસેલા ઓછી વસ્તીવાળા પ્રદેશોએ સઘળા સ્થળેથી પ્રતિનિધિમંડળો મુંબઇ આવવા લાગ્યાં.

એ પછી ઇસમાઈલીઓની જીવનપદ્ધતિમાં કે મારા અનુયાયીઓનાં ધર્મપાલનની પરિસ્થિતિમાં કંઈ મૂળભુત કે જબ્બર ફેરફારો થયા નથી. અત્યારે રશિયામાંથી પ્રતિનિધિ મંડળો આવતાં નથી. આમ છતાં રશિયામાં તેમ જ મધ્ય એશિયામાં ઇસમાઈલીઓ ઉપર જુલમ ગુજારવામાં આવતો નથી. તેમ જ તેઓ પોતાનાં ધાર્મિક જીવનમાં સંપૂર્ણ સ્વતંત્ર છે; અલબત્ત તેમનાથી ખંડણી મોકલી શકાતી નથી. પણ એ ખંડણી તો માત્ર પ્રતીક જેવી છે અને ઇસમાઈલી

ઓના કેટલાક ઝનૂના વિરોધીઓ કહે છે તેવી એક પ્રકારની શોષણક્રિયા એ કોઈ કાળે હતી નહિ.

સિકયાંગ, કાશગર અને યારકંદ સાથે અત્યારે અમારો સંપર્ક રહ્યો નથી, કારણ કે એ સરહદ બંધ કરાઈ છે-બીજા બધા કરતાં ઇસમાઇલીઓ સામે વધુ દૃઢતાપૂર્વક બંધ કરાઈ નથી–પણ અમે જાણીએ છીએ કે પોતાનો ધર્મ પાળવાની તમને સ્વતંત્રતા છે અને તેઓ ચુસ્ત ને વફાદાર ઇસમાઇલીઓ છે અને તેમનામાં ભારે આત્મશ્રદ્ધા તથા એવું ભાન છે કે "અમે આખા જગતમાં સૌથી મહત્ત્વની ઈસમાઇલી જમાત છીએ." ઇરાનમાંથી પ્રતિનિધિમંડળો અને કમિશનો 'પંચ આવજા કરે છે; સીરિયામાંથી તેઓ નિયમિત રીતે હિંદુસ્તાન આવતા હતા, પરંતુ હવે મારા કુટુંબના સભ્યો અવારનવાર સીરિયા જાય છે, અથવા તો મારા સીરિયાવાસી મુરીદો મિસરમાં આવીને મારી મુલાકાત લે છે. થોડા જ સમય પહેલાં હું દમાસ્કસ ગયો હતો, ત્યાં મારા સંખ્યાબંધ મુરીદો મારા પ્રત્યે આદરભાવ દર્શાવવા આવ્યા હતા. લગભગ એ સર્વે દેશોમાં ઇમામને અપાતાં નજરાણાંનો મોટો ભાગ શાળાઓ અથવા ઇબાદતગાહો, અને વિવિધ ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓના વહીવટ પાછળ ખરચવામાં આવે છે. ત્યાં સ્થાનિક જવાબદારી બહુ મોટાં પ્રમાણમાં પ્રવર્તે છે; દાખલા તરીકે, લગ્ન અને તલ્લાકની બાબતો સંપૂર્ણ રીતે ઇમામના સ્થાનિક પ્રતિનિધિ હસ્તક રહે છે. કેટલીક વાર ઈસમાઇ-

લીઓની સમૃદ્ધ જમાતો પોતાનાથી ઓછી સમૃદ્ધ જમાતોને આ પ્રકારની સંસ્થાઓને લગતી બાબતોમાં સહાય કરે છે. હું સામાન્ય આદેશો અને હુકમો કાઢું છું; પણ દરેક સ્થાનિક જમાતનું રોજબરોજનું ખરેખરૂં વહીવટી કાર્ય તો ઈમામના પ્રતિનિધિ અને સ્થાનિક વડા મારફત જ થાય છે. દાખલા તરીકે, મધ્ય એશિયાભરમાં આવાં ઘણાંખરાં સ્થાનિક મુખીપદ વંશપરંપરાગત હોય છે. પરંતુ અમારે ત્યાં કોઈ સર્વસામાન્ય નિયમિત પ્રથા નથી. કોઈકવાર સ્થાનિક વડાનો વારસો એના પુત્રને મળે છે, તો ક્યારેક એના પૌત્રને મળે છે. કોઈકવાર એ ઓળખાય છે વઝીર અથવા કામદાર તરીકે ( જે ખિતાબનું ચાલુ વપરાશને લીધે અપભ્રંશરૂપ કામડીયા થઈ ગયું છે.) તો કોઈક વાર દઈસ અથવા રાઈ તરીકે ઓળખાય છે. સીરિયામાં ઇમામના પ્રતિનિધિઓ અમીર તરીકે ઓળખાય છે; મધ્યએશિયાના હુંઝા જેવા કેટલાક ભાગોમાં, 'અમીર' શબ્દને લોક ભાષામાં ટુંકાવી મીર બનાવવામાં આવ્યો છે.

દુનિયાના વિશાળ ભાગમાં–કેપટાઉનથી કાશગર સુધી સીરિયાથી સિંગાપોર સુધી–પથરાએલી ધાર્મિક જમાતનું મુખીપણું અમુક ચુસ્ત પ્રણાલિકા અનુસાર જળવાઈ શકે નહિ. નૈતિક પરિસ્થિતિ, દુન્યવી સગવડો, રાષ્ટ્રીય મહેચ્છાઓ તથા દ્રષ્ટિબિંદુ અને અત્યંત ભિન્ન એવી ઐતિહાસિક ભૂમિકા–એ બધાંનો વિચાર કરીને બૌદ્ધિક દ્રષ્ટિએ આવશ્યક બાંધછોડ કરવાની રહે છે.

આ કારણે વહીવટના વિષયમાં ઘણી વિવિધતાઓ અને ઘણી પ્રવાહિતા રહી છે. પૂર્વ આફ્રિકાના બ્રિટિશ ફિરંગી અને ફ્રેંચ સંસ્થાનોમાં, યુગાન્ડા, પોર્ટુગીઝ ઇસ્ટ આફ્રિકા-ફિરંગી પૂર્વ આફ્રિકા, માડાગાસ્કર, નાતાલ અને કેપ કોલોનીમાં કાઉન્સીલ-સમિતિ દ્વારા ચાલતી અતિ વિકસિત અને સુધરેલી વહીવટી પ્રથા છે. શિક્ષણ સંબંધી વહીવટકર્તાઓ, મિલકતના એજંટો-વ્યવસ્થાપકો, કારોબારી અને ન્યાયની કાઉન્સીલો-એ સૌ ભારે પ્રમાણમાં રોજબરોજનું વહીવટી કાર્ય બજાવે છે, તેમ જ મારા સામાન્ય હુકમ હેઠળ વિશાળ આર્થિક વહીવટનું પણ કાર્ય કરે છે.

હિંદુસ્તાન અને પાકિસ્તાનમાં કંઈક ઓછું વિકસિત તથા વધારે હળવા સ્વરૂપનું પરંતુ વહીવટનું આવા જ પ્રકારનું તંત્ર છે. બર્મા અને મલાયાનું વ્યવસ્થાતંત્ર ઘણે અંશે આફ્રિકાના ઇસિમાઇલી તંત્રને મળતું આવે છે. સીરિયા-ઇરાન, અને પાકિસ્તાનનો વાયવ્ય સરહદી પ્રાંત એ સઘળા પોતપોતાનું અતિ લાક્ષણિક વ્યક્તિત્વ, ઐતિહાસિક ભૂમિકા અને પ્રણાલિકા ધરાવતા દેશો છે. સદીઓ દરમ્યાન થએલા આ ઐતાહાસિક ફેરફારો, વધુ વિખૂટી પડી ગએલી ઘણી કોમો-જમાતો માટે આગમનની સગવડ, અથવા એનો અભાવ, અને મારા કુટુંબીજનો અને મારા મુરીદો વચ્ચેના વ્યવહારનાં સાધનોનો વિકાસ એ સઘળાની પણ અસર થઈ છે.

મધ્ય એશિયામાં ઇસમાઈલીઓની નેતાગીરી અમુક

કુટુંબો હસ્તક વંશપરંપરાથી રહેલી છે અને સદીઓ થયાં અખંડ રીતે એક ધારી એ એકથી બીજા કને ઉતરી આવી છે. અફઘાનિસ્તાનમાં અને રશિયામાં, તથા ચીની તુર્કસ્તાનમાં પણ, મારા મુરીદોના સંબંધમાં આવું જ બન્યું છે. ત્યાં, અમુક કુટુંબો, એમણે ઇસ્લામનો સ્વીકાર કર્યો ત્યારથી ઇમામના પ્રતિનિધિઓ અને વહીવટકર્તા રહ્યાં છે. સ્થાનિક નેતાગીરી પેઢી દર પેઢી નિકટના સગાઓને મળતી ગઇ છે. કેટલીકવાર વંશપરંપરા મુજબનો વડો તો કોઇકવાર-હુંઝાની બાબતમાં બન્યું છે તેમ – જાતે ઇસમાઇલી હોય છે એવો, ધર્મથી પર ગણાતો ત્યાંનો રાજવી આ ધર્મના અનુયાયી ભ્રાતૃમંડળ માટેનો વહીવટકર્તા બન્યો છે.

આ એકબીજાથી દૂરદૂર વિખરાએલી કોમો સાથે હું જે પત્રવહેવાર રાખું છું તેના પર સ્થાનિક સંજોગોની અસર થાય છે. બગદાદમાં અરબી ઇસમાઇલીઓને લગતી બાબતોનો નિકાલ કરવા માટે મારા ખાસ પ્રતિનિધિઓ છે; ઇરાનમાં દરેક પ્રાંતમાં ઇસમાઇલીઓને લગતી બાબતોનો નિકાલ કરવા માટે મારા પ્રતિનિધિઓ છે, અને બહુધા જયારથી આ લોકો મારા કુટુંબ – પૂર્વજો સાથે સંકળાયેલા છે ત્યારથી, જે કુટુંબોએ વંશપરંપરા અનુસાર સ્થાનિક નેતાઓ પૂરા પાડયા છે. તે કુટુંબના જ સામાન્ય રીતે તેઓ--આ પ્રતિનિધિઓના સભ્યો હોય છે. સીરિયામાં, પ્રતિનિધિઓનાં આવાં એક કુટુંબે મારા કુટુંબ–પૂર્વજો સાથે એક હજાર કરતાંએ વધારે વરસો સુધી અખંડિત સંબંધ જાળવી રાખ્યો છે.

ઇસમાઈલીવાદ જીવંત રહ્યો છે તેનું કારણ એ છે કે એ હંમેશ પ્રવાહી રહ્યો છે. જડતા એ અમારી સમગ્ર જીવન-પદ્ધતિ તથા વિચારસરણીથી વિરુદ્ધ છે. અમારામાં કોઇ ચુસ્ત અથવા અફર નિયમો નથી; પાક કાનુનો તરીકે ઓળખાતા નિયમો પણ પદ્ધતિ અને કાર્યપ્રણાલિ માટેનાં માર્ગદર્શન રૂપ જ છે અને સિદ્ધિ મેળવવા અંગેના સવિસ્તાર ફરમાનો નથી. કેટલાક દેશોમાં, દાખલા તરીકે હિંદુસ્તાન અને આફ્રિકાના ઇસમાઇલીઓમાં કાઉન્સીલની પદ્ધતિ છે. એ પદ્ધતિ હેઠળ આંતરિક વહીવટની જવાબદારી ત્યાંના સ્થાનિક કાઉન્સીલરોને માથે રહે છે, અને પોતે શું કર્યું તેનો અહેવાલ તેઓ મને મોકલાવે છે. સીરિયા, મધ્ય એશિયા અને ઈરાનમાં મેં આગળ કહ્યું છે તેમ, નેતાગીરી ભલામણ કરાએલા વંશ પરંપરાગત નેતાઓ અને મુખીઓ હસ્તક રહે છે. તેઓ ઈમામના પ્રતિનિધિઓ ગણાય છે અને જુદીજુદી જમાતો, યા જુથોના કારોબાર પર ધ્યાન રાખે છે.

ઇસમાઈલી દુનિયાના જે ભાગો સાથે નિયમિત રીતે સંબંધ જાળવી રાખવાનું રાજકીય રીતે શકય છે. તે બધા ભાગોમાંથી મારી પાસે પત્રો અને અહેવાલો સતત આવતા રહ્યા છે. એ બધા ઉપર ધ્યાન આપવું, તેના જવાબ વાળવા મારા સમક્ષ રજુ કરવામાં આવેલ ચોક્કસ સમસ્યાઓના ઉકેલ દર્શાવવા, દૂરદૂર સુધી પથરાએલી આ ધાર્મિક જમાત અને મંડળના વંશપરંપરાગત ઈમામ તરીકે મારી ફરજો અદા કરવી—આવી છે મારી જીવનપ્રવૃત્તિ, અને હું બાળક હતો ત્યારથી એ એવી જ રહી છે.

ઇસમાઇલી કાઉન્સીલો અને ઇમામના પ્રતિનિધિઓનું ઘણું ખરૂં કાર્ય અત્યારે કેવળ સામાજિક અને લગ્ન તથા તલ્લાક જેવી બાબતોના કરાર વિષેની યોગ્ય ગોઠવણ કરવા સંબંધીનું રહ્યું છે. આ વિષયમાં મારે કહેવું જોઈએ કે જગતમાં અત્યારે ઇસમાઈલીઓ જ્યાં જ્યાં વસેલાં છે ત્યાં કોઇપણ સ્થળે તેમની સતામણી અથવા તેમના ધર્મ અને રીતરિવાજોમાં દખલગીરી કરવામાં આવતી નથી, સિવાય કે જ્યાં દેશના સામાન્ય કાયદાઓ, એક કરતાં વધુ પત્ની કરવા જેવી પ્રણાલિકાઓથી વિરુદ્ધ હોય. આ વસ્તુ તરફ સામાન્ય રીતે ઘણાનું ધ્યાન ગયું નથી કે ધૂનને ખાતર અથવા–પશ્ચિમમાં કેટલીકવાર ખોટી રીતે માની લેવાય છે તેમ–કોઇક નજીવાં કે પોકલ બહાના હેઠળ ઇસમાઇલીઓમાં કોઈ પણ માણસ બીજી પત્ની કરી શકતો નથી અથવા પોતાની પહેલી પત્નીને તલ્લાક આપી શકતો નથી. અમારી વિચારસરણી અનુસાર, આ બન્ને જાતનાં કાર્ય માટે સામાન્ય રીતે બહુ સંગીન કારણો હોય છે. દરેક લગ્નમાં સંતાન-પ્રાપ્તિની અતિ યોગ્ય આવશ્યકતા અને ઇચ્છા રહેલી હોય છે; ઘણાં વરસોનાં પરિણીત જીવન પછી પણ સંતાન ન થાય, તો કલ્લોલ, આશા, આનંદ અને ઊંડો સંતોષ લઇને આવતાં બાળકોની હાજરીથી પોતાનું ઘર ઉજમાળું રહે એ જોવાની તાલાવેલી પત્નીને પોતાને જ થાય છે. બીજા દાખલાઓમાં બન્નેના સ્વભાવમાં એટલો બધો ગંભીર તફાવત હોય છે કે બન્ને પક્ષના સુખને ખાતર તલ્લાક એ જ સૌથી

ઉત્તમ માર્ગ દેખાય છે. પરંતુ બીજી પત્ની કરવામાં આવે અથવા તો તલ્લાક આપવામાં આવે-એ દરેક કિસ્સામાં, પત્નીનાં હિતોનું રક્ષણ કરવું એ તે કાઉન્સીલોની અથવા (જયાં કાઉન્સીલ ન હોય ત્યાં) ઇમામના પ્રતિનિધિઓની સંપૂર્ણ ફરજ થઈ પડે છે; બીજી પત્ની કરવામાં આવી હોય તો, પહેલી પત્નીને આર્થિક રીતે પૂરેપૂરું રક્ષણ મળી રહે, અથવા તો તલ્લાક આપવામાં આવી હોય, તો ઉદાર, પૂરતી અને યોગ્ય પ્રકારની આર્થિક સમજુતી થાય, તે તેમણે જોવાનું હોય છે. બિનમુસ્લિમોએ એ સમજી લેવું અગત્યનું છે કે લગ્નપ્રથા—અને એને લગતી બધી બાબતો, તલ્લાક, બહુ પત્નીત્વ વિગેરે-વિષેનું ઇસ્લામી મંતવ્ય એ ફક્ત કરારનો, પરસ્પર સંમતિનો અને બન્ને પક્ષે કબુલ રાખેલી ચોક્કસ જવાબદારીનો સવાલ છે. લગ્ન એ ધાર્મિક ક્રિયા છે એવી ભાવના ઇસ્લામમાં નથી; તેથી સિવાય કે પરોક્ષ —આડકતરી રીતે એનાં ધાર્મિક મહત્ત્વનો કોઇ સવાલ રહેતો નથી, અને ખ્રિસ્તી અને હિંદુધર્મ જેવા બીજા ધર્મોમાં લગ્નને ગંભીર અને પ્રતીકરૂપ બનાવતી જે ધાર્મિક વિધિ હોય છે તેવી કોઈ ધાર્મિકવિધિ તેમાં હોતી નથી. પશ્ચિમના દેશોમાં રજીસ્ટ્રી ઓફિસમાં નોંધવામાં આવતાં અથવા ન્યાયાધીશની સમક્ષ કરવામાં આવતાં કેવળ સિવિલ અને લૌકિક બિનમઝહબી (secular) લગ્નો જેવાં જ એ હોય છે. પ્રાર્થના—સુખ, સંપત્તિ અને તંદુરસ્તી માટેની પ્રાર્થના— અલબત્ત એમાં કરી શકાય છે પણ આથી વિશેષ કોઇ ધાર્મિક વિધિ એમાં હોઈ શકતી નથી, અને તે પ્રાર્થના

પણ ફક્ત અંગત ઇચ્છાનો સવાલ છે. આથી ઇસ્લામમાં, કે ઇસમાઇલીઓમાં, પરસ્પર સંમતિ અને પરસ્પર સમજુતીનાં લગ્નો સિવાય બીજા કોઇ પ્રકારનાં લગ્નો થતાં નથી. અને મેં આગળ દર્શાવ્યું છે તેમ, અમારી બધી ઇસિમાઇલી જમાતોમાં, ઇસિમાઇલી કાઉન્સીલો અને ઇમામના પ્રતિનિધિઓનું ઘણું ખરૂં કાર્ય, લગ્નની નોંધ બરાબર થઈ છે કે નહિ તે જોવું અને તલ્લાક, એ પાપ ન હોવા છતાં, એને લીધે કોઈ પણ પક્ષનાં હિતને નુકસાન તો નથી થતું, તેમ જ સ્રીને બની શકે તેટલું વધુ રક્ષણ મળ્યું છે કે નહિ, અને સૌથી વધુ તો નાનાં બાળકોનાં પાલનપોષણની જોગવાઈ કરવામાં આવી છે કે નહિ, તેની તકેદારી રાખવી તે છે.

છેલ્લાં સિત્તોર વર્ષ થયાં ઇસિમાઈલીઓ જ્યાં જ્યાં વસ્યા છે ત્યાંત્યાં તેમની સ્થિર અને સ્થાયી પ્રગતિ થતી રહી છે. ઉસ્માની સામ્રાજ્ય હેઠળ, અબ્દુલ હમીદના શાસનકાળમાં તેમના પર ઘણા જુલમો ગુજારવામાં આવ્યા હતા. એનાં સામ્રાજ્યમાં, બીજી કેટલીએ લઘુમતીની પેઠે એ લઘુમતી હોઈ, તેમને હાડમારી વેઠવી પડી હતી, અને એનાં આપખુદ શાસનનાં, પાછલાં વર્ષો દરમ્યાન તેમના ઘણા નેતાઓને કારાવાસ વેઠવો પડયો હતો. પરંતુ તુર્કીની નવક્રાંતિ પછી એ દમનકાળનો અંત આવ્યો અને હવે, વિશ્વમાં વિશાળ રાજકીય પરિવર્તનો અને ફેરફારો થઈ ગયા છે તે છતાં, મને લાગે છે કે એવો દાવો યોગ્ય રીતે કરી શકાય કે જગતભરના ઇસિમાઇલીઓની સ્થિતિ એકંદરે

ઠીકઠીક સંતોષકારક છે; તેઓ જ્યાંજ્યાં વસ્યા છે ત્યાંત્યાં બધે તેમની જમાતો સમાજનાં એક સુખી, સ્વમાની, કાયદાપાલક અને ઉદ્યોગપરાયણ અંગરૂપ બની ગઇ છે.

મારા મુરીદો પ્રત્યેની મારી નીતિ કેવી રહી છે. ? અમારો ધર્મ એ અમારો ધર્મ છે, કોઈ એને માને અથવા તો ન માને. તમે એક ધર્મનો ત્યાગ કરી શકો પણ તમે જો એના સિદ્ધાંતોને ન માનના હો, તો એમાં રહીને તમે એને "સુધારવાનો', દાવો ન કરી શકો. તમે એ સિદ્ધાંતોનો ત્યાગ કરી શકો, પણ તમે એ સિદ્ધાંતોને બદલવાનો પ્રયત્ન કરો અને સાથે સાથે એ સિદ્ધાંતોને સ્વીકારનારા ચોક્કસ ફિરકામાં તમે છો એવો દાવો ન કરી શકો. જમાનાઓ દરમ્યાન ઘણા લોકો ઇસમાઇલી ધર્મ છોડી ગયા છે, તો બીજાઓ એ ધર્મમાં દાખલ પણ થયા છે. લાખો ઇસિમાઇલીઓમાંથી વીસેક જેટલાઓએ–કરાંચી તથા હિંદુસ્તાનના એક નાનકડા જુથે–પોતે ઇસિમાઇલી હોવાનો ડોળ કરવા છતાં પોતાને "સુધારક" ગણાવ્યા હતા. સાચા ઇસિમાઇલીઓએ તરત જ એમને નાતબહાર કર્યા. ઇસમાઈલી ધર્મભાવનામાં ફેરફાર કરવાનો સવાલ કદીયે ઊભો થયો નથી; એ ધર્મભાવના એવી ને એવી જ રહી છે અને એવી ને એવી જ રહેવી જોઈએ. જેમને એમાં શ્રદ્ધા નહોતી તેમણે યોગ્ય જ રીતે એનો ત્યાગ કર્યો છે; એમના પ્રત્યે અમારાં મનમાં કોઈ દ્વેષભાવ નથી અને એમની નિખાલસતા માટે એમના પ્રતિ અમને માન છે.

રાજકીય દોરવણીનું શું? મારા પૂર્વજોની એ પ્રથા હતી, અને એ પ્રથાને હું ચુસ્ત રીતે વળગી રહ્યો છું કે ઇસમાઇલીઓને, જે રાજ્યના તેઓ વતની હોય તે રાજ્યની —પછી એ રાજ્યનું બંધારણ રાજશાહી કે પ્રજાસત્તાક ગમે તે હોય–સંપૂર્ણ રીતે વફાદાર અને એકનિષ્ઠ પ્રજા તરીકે રહેવાની હંમેશાં સલાહ આપવી. મારા પૂર્વજોએ કે મેં કોઇએ પણ અમારા મુરીદોને એક યા બીજે માર્ગે વાળવા માટે અમારી લાગવગનો કદીયે ઉપયોગ કર્યો નથી, પણ જે દેશમાં તેઓ વસતા હોય તે દેશની બંધારણીય રીતે સ્થપાએલી સત્તા પ્રત્યે સંપૂર્ણ રીતે ને સર્વાંશે વફાદાર રહેવાનું અમે તેમને કહ્યું છે. એ પ્રમાણે કોઇ સરકાર મારી પાસે પોતાની પ્રજા માટે મારી સહાય અને મારી સલાહ માગે છે, ત્યારે મારા પિતાશ્રી તથા મારા દાદાશ્રીની માફક મારી સલાહ અફર રીતે એવી જ રહી છે કે તેમણે વફાદાર રહીને કાયદાનું પાલન કરવું જોઇએ, અને રાજકીય બાબતમાં તેમને જો કોઇ ફરિયાદ કરવાની હોય તો તેમણે પોતાની સરકાર સમક્ષ બંધારણીય રીતે સ્થપાએલી સરકાર ગણીને, અને તેના પ્રતિ વફાદારી અને નિષ્ઠાપૂર્વક, રજુ થવું જોઇએ. મારા મુરીદો માટેનું મારું તમામ શિક્ષણ અને માર્ગદર્શન આ સિદ્ધાંતના પાલનમાં સમાએલું છે: જે વસ્તુઓ ઈશ્વરની છે તે ઈશ્વરને આપો અને જે સિઝર (રાજા)ની છે તે સિઝરને આપો.

સામાજિક સુધારાની બાબતમાં મેં મારી લાગવગ અને સત્તાનો ઉપયોગ શાણાપણથી અને પ્રગતિશીલ રીતે

કર્યો છે. મેં હંમેશાં સ્ત્રીઓની મુક્તિ અને કેળવણીનાં કાર્યને પ્રોત્સાહન મળે એવો પ્રયત્ન કર્યો છે. મારા દાદાશ્રીના તથા મારા પિતાશ્રીના સમયમાં ઇસમાઇલીઓ, હડહડતા રૂઢિચુસ્ત દેશોમાંથી પણ, કડક પડદાની પ્રથા નાબૂદ કરવાની બાબતમાં બીજા કોઇપણ મુસ્લિમ ફિરકા કરતાં ઘણા આગળ વધેલા હતા. મેં એ પ્રથા સંદતર નાબૂદ કરાવી છે; અત્યારે તમને કોઈ ઈસમાઈલી સ્ત્રી પડદો પહેરતી ક્યાંય દેખાશે નહિ. મેં હંમેશા કન્યાશાળાઓને દરેક સ્થળે, જ્યાં પહેલા એ સદંતર અજાણી હતી તેવા પ્રદેશોમાં પણ, ઉત્તેજન આપ્યું છે. હું ગર્વપૂર્વક કહી શકું છું કે, સામાજિક કલ્યાણની આ બાબતમાં, મારા ઇસમાઇલી અનુયાયીઓ બીજા કોઇપણ મુસ્લિમ ફિરકા કરતાં ઘણા આગળ વધેલા છે, બેશક એટલી જ આગળ વધેલી વ્યક્તિઓ મળી શકે, પણ મારી ખાતરી છે કે એક કોમ તરીકે અમારી સામાજિક પરિસ્થિતિ–છોકરા તેમજ છોકરી બન્નેની કેળવણી, લગ્ન તથા ગૃહજીવન વિષેનું દષ્ટિબિંદુ અને રીતરિવાજો, તલ્લાક પર અંકુશ, તલ્લાકના પ્રસંગે બાળકો માટે કરવામાં આવતી જોગવાઇ, વગેરે બાબતોમાં–ઘણી પ્રગતિશીલ છે. પ્રસૂતિ વખતે સારવાર કરવા માટે દાઇઓની પ્રથા શરૂ કરવામાં અમે મોખરે હતા, અને મધ્યપૂર્વના બીજા કોઇપણ મુસ્લિમ દેશ કરતાં બહુ પહેલાં અમે પ્રસૂતિ માટે નર્સોને કેળવી હતી. હિંદુસ્તાનમાંની લેડી ડફરિન નર્સિંગ સંસ્થાની સહાય અને સાથ વડે–આ બાબતમાં સામાન્ય સ્થિતિ આરોગ્ય માટે ખૂબ જ ખતરનાક હતી તેવે સમયે–માત્ર હિંદુસ્તાન અને બર્મામાં જ નહિ

પણ આફ્રિકામાં અને (ત્યાંની સામાન્ય સ્થિતિ પ્રમાણે શક્ય હતુ તેટલા પ્રમાણમાં) સીરિયા અને ઇરાકમાં પણ કેળવાએલી નર્સો અને પ્રસૂતિ વિષે આધુનિક દ્રષ્ટિબિંદુ હું પ્રવર્તાવી શક્યો હતો.

જ્યાં હું સક્રિય સહાય તેમ જ સલાહ આપી શક્યો છું ત્યાં–આફ્રિકામાં, અમે વ્યક્તિઓની તેમ જ જુદાજુદા સમૂહોની આર્થિક પરિસ્થિતિ તદ્દન સલામત પાયા ઉપર મૂકી દીધી છે. જ્યુબિલી ઇન્સ્યુરન્સ એ નામની વિમા કંપનીની અમે સ્થાપના કરી છે – એ કંપનીના શેરોની કિંમત ઘણી વધી ગઇ છે. એક ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ નામે સંસ્થા પણ અમે ઊભી કરી છે, જે નાણાં એકઠાં કરનારી અને પછી તેમાંથી ઇસ્માઇલી વેપારીઓને તેમ જ પોતાને માટે ઘરો ખરીદવા અથવા બાંધવા ઇચ્છતા લોકોને ઓછા વ્યાજના દરે, લોન આપનારી ખરેખર એક વિશાળ સંસ્થા છે.

મારી પોતાની અંગત સંપત્તિ સંબંધમાં ઘણી વાહિયાત વાતો લખવામાં આવી છે. મારા કરતાં વધારે મોટી મૂડી ધરાવનારા સેંકડો મનુષ્યો અમેરિકામાં હશે જ; તેમ જ યુરોપમાં પણ હશે. કદાચ, કરવેરાનાં પ્રમાણને ધ્યાનમાં લેતાં, યુનાઇટેડ સ્ટેટસમાં પણ, એવા વધુ માણસો નહિ હોય, જેઓ મારા જેટલો આવક પર અંકુશ ધરાવતા હોય પણ આ અંકુશની સાથે જ એક અણલખ્યા કાનૂન તરીકે મારા ઇસ્માઇલી મુરીદોની વિવિધ પ્રકારની તમામ કોમી, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ નિભાવવાની જવાબદારી પણ જોડાએલી છે, અને આખરે તો મારા કુટુંબના સભ્યો

તથા મારે પોતાને માટે એ આવકમાંથી કંઇ બાકી રહેતો હોય તો એક નાનકડો હિસ્સો જ બાકી રહે છે.

"દર વર્ષે લાખો પાઉન્ડની આવક" હું ધરાવતો હોવાની કલ્પિત વાતો જ્યારે હું વાચું છું, ત્યારે મને એમ જ લાગે છે કે જો મારી આવક એટલી મોટી હોય તો મારે શરમાવા જેવું થાય. એન્ડ્રુકાર્નેગીનાં કથનમાં ઘણું સત્ય રહેલું છે: "જે માણસ તવંગર હાલતમાં મૃત્યુ પામે છે, તે નામોશીભરી સ્થિતિમાં મૃત્યુ પામે છે." હું એમાં એટલું ઉમેરીશ: જે માણસ તવંગર હાલતમાં જીવે છે, તે નામોશીભરી સ્થિતિમાં જીવે છે. "તવંગર હાલતમાં જીવે છે." એ મારાં કથનનો અર્થ એવો માણસ થાય છે કે પોતે જે દેશનો વતની હોય છે તે દેશમાં અત્યારે "ઊંચી આવકવાળો વર્ગ" કહેવાય છે તે વર્ગના મનુષ્યોની રૂઢિગત રહેણીકરણી કરતાં જે પોતાના મોજશોખ ખાતર વધારે ખર્ચાળને ઉડાઉ રીતે રહે છે. હું સામ્યવાદી નથી, તેમ જ હું એમ પણ નથી માનતો કે અંગત જીવનધોરણ ઊંચું રાખવું તેમાં કાંઇ પાપ છે કે સમાજનું અપમાન થાય છે. ત્રણ કે ચાર મોટરો ધરાવવા બદલ મને સહેજ પણ શરમ જેવું લાગતું નથી; હિંદુસ્તાનમાં, બહારથી અનેક લોકો આવજા કર્યા કરતાં હોય છે ત્યાં, એમના ઉપયોગ માટે હું હમેશાં વધારે મોટરો રાખું છું.

વળી શરતના ઘોડાના મોટા તબેલાનો માલિક હોવા બદલ પણ મને શરમ લાગતી નથી, એ વિષે હું હવે પછીનાં પ્રકરણમાં કંઈક કહેવાનો છું. મેં અગાઉ જણાવ્યું

છે તેમ, મારાં કુટુંબીઓને તમામ પ્રકારની ઘોડેસ્વારી સાથે લાંબો, માનભર્યો અને મમતાભર્યો સંબંધ રહ્યો છે. તાલીમ હેઠળના મોટાભાગના ઘોડાઓ કાઢી નાખવાનું અથવા તબેલાને નફાકારક ધંધામાં ફેરવી નાંખવાનું મારે વિચારવાનું હોત, તો મારા ઘોડાઓમાંથી ઘણાખરા ઘોડાઓ વેચી નાંખી નિઃશક હું કોઈ પણ દિને એને નફાકારક ધંધામાં ફેરવી શક્યો હોત. મારા દાદાશ્રીએ, મારા પિતાશ્રીએ કે મેં અમારા રેસ–શરતના શોખને કેવળ પૈસા કમાવવાની વસ્તુ તરીકે કદી ગણ્યો નથી, પણ અમે એને રમત તરીકે જ લેખ્યો છે. એ રમત પર, જો સંભાળપૂર્વક ધ્યાન અપાય અને વિચારપૂર્વક વહીવટ કરવામાં આવે, તો એનો ખર્ચ એમાંથી જ નીકળી શકે અને માલિકો તરીકે માત્ર અમારે માટે જ નહિ, પણ ટર્ફ–રેસના મેદાન પરના અમારા વાવટાના હજારો–બલ્કે લાખો–ઉપાસકો માટે એ કાયમી આનંદનું સાધન બની શકે; અને જે દેશમાં અમારા શરતના ઘોડાઓ અને તેમને તાલીમ આપવા માટેના તબેલાઓ રાખવામાં આવ્યા છે તેને અમે એ દેશની સમૃદ્ધિના તેમ જ ઘોડાઓની ઓલાદનું ધોરણ જાળવી રાખવા તથા ઊંચું લાવવા માટેના વહેવારૂ સાધન તરીકે માન્યા છે.

અમારા કુટુંબ ઉપર ઉડાઉપણાનો જે એક ચોક્કસ આક્ષેપ મૂકવામાં આવ્યો છે તે, જે વખતે દરરોજ બે હજાર લોકો અમારે ખર્ચે રહેતા તથા ખાતા–પીતા હતા, તે સમયને લગતો છે. આ બે હજાર માણસો બીજા કોઇ નહોતા, પણ જેઓ મારા દાદાશ્રી સાથે પોતાનાં ઘરબાર

અને મિલકતોનો ત્યાગ કરી ઇરાનથી હિજરત કરીને આવ્યા હતા તેમના વંશજો અને આશ્રિતો હતા, અને એ સમયના સંજોગો જોતાં, ઇસિમાઇલી કોમના વડા તરીકે, તેમની ક્ષેમકુશળતા અને ભરણપોષણ માટે અમે જવાબદાર હતા. બને તેટલું જલ્દીથી, અને શક્ય હોય તેટલી સંપૂર્ણતાથી મેં એ પ્રશ્ન હાથમાં લીધો, અને તેથી હવે તેમના વંશજો હતા તે કરતા ઘણા સુખી તથા ઘણાં વધારે પ્રમાણમાં સ્વાશ્રયી બન્યા છે, અને એ પ્રશ્નનું મેં જે રીતે નિરાકરણ કર્યું તે સંબંધી મારા મન ઉપર કોઈ જાતનો ભાર રહ્યો નથી.

મારા ઉપયોગ માટે મારી પાસે અઢળક સંપત્તિ હોવાનું લોકો કહે છે તેના દશમા ભાગની પણ સંપત્તિ મારી પાસે હોત તો હું અત્યંત દુઃખી મનુષ્ય બની ગયો હોત, કારણ કે તો મને આખી જિંદગી ખરેખર એમ લાગ્યા કર્યું હોત કે હું–મારાં કુટુંબને તેમજ મારા મિત્રો બન્નેને માટે અને, એમ જોઇએ તો, મારા અનુયાયીઓને માટે પણ નકામો એવો–નિર્જીવ બોજો ઉપાડીને ફર્યા કરું છું. અમુક હદ પછી સંપત્તિ અને તેને પરિણામે મળતા દુન્યવી લાભો, સમાજનું તેમ જ વ્યક્તિનું, ભલું કરે છે. તે કરતાં નુકસાન વધારે કરે છે.

મારા અનુયાયીઓની રહેણીકરણી સંબંધમાં, મેં તેમને જે સલાહ આપી છે તેમાં, તેઓ જે દેશ કે રાજ્યમાં વસતા હોય તે પ્રમાણે, ફેરફાર કરવાનો પ્રયત્ન કર્યો છે. આ પ્રમાણે આફ્રિકાનાં બ્રિટિશ સંસ્થાનમાં જેઓ રહે છે

તેમને મેં પોતાની પ્રથમ ભાષા તરીકે અંગ્રેજીનો સ્વીકાર કરવાની, પોતાના કૌટુંબિક અને ગૃહજીવનને અંગ્રેજી ધોરણ મુજબ રાખવાની અને શરાબ તથા તંબાકુની ગુલામી સિવાય, સામાન્ય રીતે બ્રિટિશ તથા યુરોપીય રીતરિવાજો અપનાવવાની ભારપૂર્વક ભલામણ કરી છે. મને ખાતરી છે કે અનેક જાતિના સમુદાયવાળા સમાજમાં એમને રહેવું પડતું હોવાથી જે પ્રકારનાં સામાજિક જીવન અને સમાજ સંસ્થા દ્વારા તેમને પોતાનાં વ્યક્તિત્વને ખિલવવાની સૌથી વધારે તક મળી શકે અને જે વ્યવહારૂ રીતે સૌથી વધારે ઉપયોગી નિવડે તેનો જ તેમણે સ્વીકાર કરવો જોઇએ. બીજે પક્ષે, બર્માંમાં રહેતા લોકોને મેં આવા જ પ્રકારની સલાહ આપી છે–પણ આમ કે તેમણે બીજી કોઇ પદ્ધતિને બદલે બર્મી જીવનપદ્ધતિ અપનાવવી જોઇએ. અલબત્ત સીરિયા, મિસર, ઈરાક અને ઈરાન જેવા મુસ્લિમ દેશોમાં તો કોઈ મુશ્કેલી છે જ નહિ. મારા પોતાના કુટુંબનું ગૃહજીવન તથા સામાજિક જીવન હંમેશ ઈરાની–મુસ્લિમ ઢબનું રહ્યું છે; હું જયાં જયાં રહ્યો છું ત્યાં કોઈ પણ સ્થળે આ ઢબમાં ઉગ્ર પ્રકારનો કે જડમૂળથી ફેરફાર કરવો પડયો નથી, અને આથી જે એક પછી એક યુરોપીય સન્નારીઓ સાથે મેં લગ્નો કર્યાં છે, તેમણે હકીકતમાં સહેલાઈથી અને આનંદપૂર્વક ઈરાની–મુસ્લિમ દૃષ્ટિબિંદુ તેમ જ જીવનસંવાદિતા સ્વીકારી લીધાં છે.

પરંતુ આફ્રિકામાં, મારા અનુયાયીઓ સમક્ષ આથી ઘણો વધારે ઉગ્ર સવાલ આવીને ઊભો રહ્યો હતો. તેઓ

ત્યાં એશિયાઇ રીતરિવાજો અને એશિયાઈ જીવનપદ્ધતિ લઈને ગયા હતા, પરંતુ ત્યાં તેમને વિકસતી સ્થિતિના એવા રામાજનો ભેટો થયો જેને, કંઈ નામ આપવું હોય તો, યુરોપીય–આફ્રિકી કહી શકાય. ભાષા, રીતરિવાજ અને પોશાકની બાબતમાં એશિયાઇ દ્રષ્ટિબિંદુ જાળવી રાખવું એ તેમને માટે ગુંચવાડાભર્યું અને ભવિષ્યના આફ્રિકામાં સામાજિક દૃષ્ટિએ જુનવાણીના નિર્જીવ બોજાને ઉંચકીને ફરવા જેવું બન્યું હોત. પાકિસ્તાનમાં અને અર્વાચીન ભારતમાં ઇસિમાઇલીઓ ભવિષ્યમાં સંસ્કારની બે તદ્દન નિરનિરાળી પદ્ધતિઓ અપનાવે એવો સંભવ છે. પશ્ચિમ પાકિસ્તાનમાં સંભવિત રીતે તેમની ભાષા ઉર્દુ અથવા જે હિંદુસ્તાની તરીકે ઓળખાતી હતી તે રહેશે, અને તેમનાં સામાજિક રીતરિવાજો અને વર્તનનું ઘડતર એ પ્રમાણેનું થશે. પૂર્વ પાકિસ્તાનમાં ઇસમાઈલીઓનાં જીવનમાં બંગાળી પહેરવેશ અને ભાષા મુખ્ય ભાગ ભજવશે. ભારતમાં ઘણું કરીને તેમની ભાષા ગુજરાતી તથા મરાઠી હશે, અને એ જ પ્રમાણે એમનાં દ્રષ્ટિબિંદુ તથા જીવનપદ્ધતિનું ઘડતર ગુજરાતી મરાઠી સ્વરૂપનું થશે. આમ છતાં મારી ખાતરી છે કે જ્યાં સુધી તેઓ પોતાના ધર્મને વળગી રહેશે ત્યાં સુધી ઇસ્લામી બિરાદરી આ ભિન્નભિન્ન સામાજિક દ્રષ્ટિબિંદુઓ ધરાવતા અને વિવિધ ઢબની રહેણીકરણીવાળા તમામ લોકોને એકત્રિત રાખશે અને આધ્યાત્મિક રીતે તેમને સાંકળી લેશે.

□

# THE MEMOIRS OF AGAKHAN

ALL RIGHTS RESERVED
Including The Right Of Reproduction
In Whole Or In Part In Any Form
Copyright, 1954, By Simon And Schuster, Inc.
Published By Simon And Schuster, Inc.
Rockefeller Center, 630 Fifth Avenue
New York 20, N. Y.

ગુજરાતી
તથા હિંદીની અન્ય ભાષાઓના અનુવાદના
સ ર્વા ધિ કા ર
ફરી છાપવાના અધિકાર સહિત
હિઝ હાઈનેસ પ્રિન્સ આગાખાન શિયા ઈમામી ઈસમાઈલીઆ
એસોસીએશન ફોર ઈન્ડિયા. મુંબઈ હસ્તક

મૂળ અંગ્રેજી પુસ્તક પ્રકાશન ૧૯૫૪

લેખક :
હિઝ રોયલ હાઈનેસ સર
સુલતાન મુહમ્મદશાહ આગાખાન ( ત્રીજા )
પી.સી., જી.સી. એસ.આઈ., જી. સી. વી. ઓ., જી. સી. આઈ. ઈ.

: પ્રકાશક :

શ્રી શિયા ઈમામી ઈસ્માઈલી તરીકા
એન્ડ રિલીજ્યસ એજ્યુકેશન બોર્ડ ફોર ઈન્ડિયા
કરીમઆબાદ, ઈમામવાડા રોડ, મુંબઈ-૯

( સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન )

આવૃત્તિ : બીજી
પ્રત : ૨૦૦૦

રૂપિયો : ૨/-

: મુદ્રક :

બેલા ટાઈપ સેટીંગ વર્કસ
સૌરાષ્ટ્ર લેધર સ્ટોર્સના
મેડા ઉપર, ઘીકાંટા રોડ,
નોવેલ્ટી સિનેમા પાસે,
અમદાવાદ.